dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 152 | AD - 2025, Fagan Sud- 08 | Friday, Dt.07-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00












# ઉત્તરાખંડનો વિકાસ એ અમારૂ મુખ્ય લક્ષ્ય : પ્રધાનમંત્રી મોદી



દહેરાદુન,તા.૦૬

ઉત્તરાખંડના હર્ષિલમાં, પીએમ મોદીએ ગંગા મૈયા અને ભારત માતા કી જય સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી. પીએમ મોદીએ કહ્યું કે હું તમને મળીને ધન્ય છું. જાહેર સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે ઉત્તરાખંડની આ ભૂમિ, આપણી દેવભૂમિ, આધ્યાત્મિક ઉર્જાથી ભરેલી છે. ચાર ધામ અને અનંત તીર્થસ્થાનોથી આશીર્વાદિત જીવનદાતા માતા ગંગાના આ શિયાળાના સ્થળે આવીને મને આનંદ થઈ રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ઉત્તરાખંડમાં કોઈ ઑફ સિઝન નહીં હોય, તેથી લોકોએ ફિલ્મ શૂટિંગ અને ડેસ્ટિનેશન વેડિંગ માટે ઉત્તરાખંડ પસંદ કરવું જોઈએ. પીએમ મોદીએ માના ગામમાં થોડા દિવસો પહેલા થયેલા અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ સંકટની ઘડીમાં દેશ દ્વારા બતાવવામાં આવેલી એકતાથી અસરગ્રસ્ત પરિવારોને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે અમારું લક્ષ્ય ઉત્તરાખંડને વિકસિત રાજ્ય બનાવવાનું છે. ઉત્તરાખંડ વિકાસના નવા લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે. અમારી સરકારે આ રાજ્ય માટે ઘણા મોટા નિર્ણયો લીધા છે. ડબલ એન્જિન સરકાર સાથે મળીને કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ દરેક ઋતુમાં સફળ રહેશે. તેમણે કહ્યું કે માતા ગંગાએ મને બોલાવ્યો છે. મને લાગે છે કે માતા ગંગાએ મને દત્તક લીધો છે. ફિલ્મના શૂટિંગ માટે ઉત્તરાખંડ સૌથી પ્રિય સ્થળ બની શકે છે. તેમણે કહ્યું કે દેશવાસીઓને ખબર હશે કે જ્યારે ૧૯૬૨માં ચીને ભારત પર હુમલો કર્યો ત્યારે આપણા આ બે ગામો ખાલી કરાવવામાં આવ્યા હતા. લોકો કદાચ તેમને ભૂલી ગયા હશે, પણ આપણે તેમને ભૂલી શકતા નથી. અમે તે બે ગામોના પુનર્વસન માટે એક ઝુંબેશ શરૂ કરી છે અને અમે તેને એક મુખ્ય પર્યટન સ્થળ બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ. પ્રધાનમંત્રીએ મુખાબા મંદિર અને હર્ષિલ વ્યૂ પોઈન્ટ પરથી ખીણોની પ્રશંસા કરી હતી. આ પછી, પીએમએ હર્ષિલમાં ટ્રેકિંગ અને બાઈક રેલીને લીલી ઝંડી આપી. પીએમ મોદીએ કહ્યું કે ગઈકાલે જ કેન્દ્રીય મંત્રીમંડળે કેદારનાથ રોપ-વે પ્રોજેક્ટ અને હેમકુંડ રોપ-વે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. કેદારનાથ રોપ-વેના નિર્માણ પછી, જે મુસાફરી પહેલા ૮ થી ૯ કલાકની થતી હતી, તે હવે લગભગ ૩૦ મિનિટમાં પૂર્ણ થશે. આનાથી વૃદ્ધો અને બાળકો માટે કેદારનાથ યાત્રા સરળ બનશે. કન્ટેન્ટ સર્જકો વચ્ચે સ્પર્ધાનું આયોજન કરીને, ઉત્તરાખંડમાં પર્યટનને ઝડપથી પ્રોત્સાહન આપવામાં આવશે.



















**અમરેલી જિલ્લામાં બે દિવસમાં બે લોકોને વન્યપ્રાણીઓએ ફાડી ખાતાં અરેરાટી**

# સા.કુંડલાનાં ખાલપર ગામની સીમમાં યુવકને સિંહે ફાડી ખાધો

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામા સતત વન્યપ્રાણીઓનો ત્રાસ વધવા પામ્યો છે. છેલ્લા બે દિવસમાં બે લોકોને સિંહે ફાડી ખાધાની ઘટના બનતા સમગ્ર રાજયમાં આ બનાવનાં કારણે અરેરાટી પ્રસરી જવા પામી છે. હજુ જાફરાબાદ પંથકમાં ખેડૂત પર સિંહણે હુમલો કરી ફાડી ખાધાની ઘટનાને ૪૮ કલાક વિત્યા છે ત્યાં ફરી એકવાર સાવરકુંડલાનાં ખાલપર ગામની સીમમાં એક યુવકને સિંહે મોતને ઘાટ ઉતાર્યો હોવાની માહિતી મળી છે. જાણવા મળતી માહિતી મુજબ સાવરકુંડલા પંથકના ખાલપર-હઠીલા ગામની સીમ વિસ્તારમાં માલધારીઓ ઢોર ચરાવવા ગયેલા ત્યારે ત્યાં એક માનવ મૃતદેહ મળી આવતાં માલધારીઓએ તાત્કાલિક ગામમાં જઈ આ ઘટનાની વાત કરી



હતી. ગ્રામજનોએ તપાસ કરતા આ મૃતદેહ ખાલપર ગામના જમાઈ નદીમ નજીરભાઈ કુરેશીનો હોવાનું જાણવા મળેલ હતું. મૃતદેહનું અવલોકન કરતાં આ યુવકને સિંહ જેવા વન્યપ્રાણીએ હુમલો કરી ચૂંથી નાખી પગ સહિતના અંગો ખાધા હોવાથી તાત્કાલિક આ ઘટના અંગે વનવિભાગને જાણ કરવામાં આવી હતી. મૃતદેહથી થોડે દૂર મૃતકનું બાઈક અને ચપ્પલ મળી આવ્યા હતા. બાઈક પાસે સિંહના પગલાના સગડ મળી આવતા વન વિભાગે આ યુવકને સિંહે ફાડી ખાધો હોવાનું જણાવ્યું હતું. માનવભક્ષી બનેલા સિંહને પાંજરે પુરવા વનખાતા દ્વારા પાંજરા ગોઠવવામાં આવ્યા છે. આવી ગંભીર ઘટના બન્યા બાદ ધારી ગીર પૂર્વના ડીએફઓ વિકાસ યાદવે ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી નથી.

## મૃતક નદીમ કુરેશી બસમાં ક્લીનર તરીકે કામ કરતો હતો

મૃતક યુવક નદીમ નજીરભાઈ કુરેશી બસમાં ક્લીનર તરીકે કામ કરે છે એવું તેમના સસરાના ગામ ખાલપરમાંથી જાણવા મળ્યું છે. ગામમાં પોતાના સસરાનું ઘર હોવા છતાં ત્યાં રોકાવાને બદલે રાત્રીનાં બાઈક લઈને સીમ વિસ્તારમાં કંઈ રીતે પહોંચ્યો તે પણ તપાસનો વિષય છે.

## માનવીઓ પર સિંહોનાં સતત વધતા જતા હુમલા રોકવામાં વનખાતુ નિષ્ફળ

એશિયાટીક સિંહોને ગીરનું ઘરેણું માનવામાં આવે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી ગીરનાં ઘરેણા સમાન સિંહો માનવીઓ પર હુમલાઓ કરી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં સિંહોએ ત્રણ લોકોને ફાડી ખાધાની ઘટનાઓ બનવા પામી છે. આવી ઘટનાઓ બનવા છતાં વનખાતુ હજુ લોકજાગૃતિનાં કાર્યક્રમો યોજી રહ્યું છે. માનવીઓ પર સિંહોનાં સતત વધતા જતાં હુમલા રોકવામાં વનખાતુ સદંતર નિષ્ફળ નિવડ્યું છે. વનખાતાની કામગીરી બાબતે અનેક સવાલો ઉભા થયા છે. સિંહોનાં હુમલાને રોકવાને બદલે વન અધિકારીઓ લોકોને સિંહથી બચવા માટેની સલાહ આપી રહ્યાં છે.

# ધારાસભ્ય કૌશિક વેકરીયાના પ્રયત્નોથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા જોબ નંબરની થઈ ફાળવણી

**સ્ટ્રોંગ વોટર પાઈપલાઈનનાં કામ માટે ૧૯ લાખ ૯૭ હજાર મંજૂર**

અમરેલી, તા.૦૬

ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની રજૂઆતથી કુંકાવાવ તાલુકાના વિવિધ ગામોને અસર કરતી પ્રોવાઈડીંગ એન્ડ લેઈંગ ૯૦૦ ડાયામીટર સ્ટ્રોંગ વોટર



પાઈપલાઈન ફોર વાવડી ચોકી સનાળા, લાખાપાદર, ઈશ્વરીયા રોડ એટ બીટવીન કિલોમીટર ૧/ ૮૦૦ થી ૨/ ૩૦૦ના કામ માટે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જોબ નંબરની ફાળવણી કરવામાં આવી હતી. વરસાદી પાણીના નિકાલ માટે કુંકાવાવ તાલુકાના વાવડી ચોકી, સનાળા, લાખાપાદર, ઈશ્વરીયા રોડ માટે સ્ટ્રોંગ વોટર પાઈપલાઈનના કામ માટે રૂપિયા ૧૯ લાખ ૯૭ હજાર મંજૂર કરવામાં આવ્યાં હતા.

# લીલીયા મોટામાં સાંસદ સુતરીયાની હાજરીમાં ગટર કામની ચકાસણી અને બ્લોક રોડનું ભૂમિપૂજન

લીલીયા મોટા, તા.૦૬

લીલીયા મોટા ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગટર કામની ચકાસણી કરી અને બ્લોક રોડનું ભૂમિપૂજન કર્યું હતું. સાંસદે માથાના દુ:ખાવા સમાન ગટર પ્રશ્નનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. તેમણે ગોકળગાયની ગતિએ ચાલતા ગટર કામને લઈને કાર્યપાલક ચૌધરીને કડક ભાષામાં



સૂચના આપી હતી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલ જવાના માર્ગે ફાટક નંબર ૪૧ C થી ૪૨ C વચ્ચે આવેલ ફાટકના કારણે અવારનવાર સિવિલ હોસ્પિટલ જતા ઈમરજન્સી કેસમાં ઘણી તકલીફોનો સામનો કરવો પડે છે જેને લઈને અંડર ગ્રાઉન્ડ બ્રિજની સરપંચ જીવનભાઈ વોરા દ્વારા માંગ કરાતા સાંસદે સ્થળ મુલાકાત લઈ સર્વે કરવાની ખાતરી આપેલ. સાંસદે ડો. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે પાણીના સમ્પ તથા ત્યાં ચાલતા પેવર બ્લોક કામની મુલાકાત કરી હતી. દલિત સમાજને સારી વાડીની વ્યવસ્થા તથા પાણીની વ્યવસ્થા, કમ્પાઉન્ડ વોલ સાથે પેવર બ્લોક સહિતની કામગીરીથી પ્રભાવિત થઈ સાંસદની ઉપસ્થિતિમાં દલિત સમાજના આગેવાનો દ્વારા લીલીયાના સરપંચ જીવનભાઈ વોરાનો આ તકે આભાર માનવામાં આવેલ. ત્યારબાદ સાંસદે લીલીયા મોટા ખાતે આવેલ ગોપાલ ગૌશાળાની મુલાકાત લીધી હતી. ગૌશાળા પરિવારે સાંસદનું સન્માન કર્યું હતું અને ગૌશાળાની વિવિધ સેવાઓથી તેમને અવગત કર્યા હતા. સાંસદના વરદ હસ્તે ગૌશાળા ખાતે પેવર બ્લોક રોડનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

# બગસરામાં આંગણવાડી બહેનોનું વિવિધ પ્રશ્ને આવેદન

બગસરા,તા.૦૬

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નું બજેટ વિધાનસભામાં રજૂ કર્યું જેના લીધે ગુજરાતની ૧.૧૦ લાખ આંગણવાડી વર્કર તેમજ હેલ્પરોમાં ખૂબ જ નારાજગી જોવા મળી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટ ચુકાદો આપવામાં આવેલ હતો કે આંગણવાડી વર્કર તથા હેલ્પરને કાયમી કરવાં અને ત્રીજા અને ચોથા કર્મચારીને મળતા લઘુતમ વેતન આપવા પરંતુ આ વખતના બજેટમાં



તસવીર : હાર્દિક બામટા

આ બાબતનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ કરવામાં ન આવતા આ તમામ આંગણવાડી વર્કર તેમજ હેલ્પર અને નાની આંગણવાડીની બહેનોમાં નારાજગી જોવા મળી હતી. જેથી બગસરા આંગણવાડી બહેનોએ લાંબા સમયથી અનેક પ્રશ્નો જેવા કે પગાર વધારો કરવો, વયમર્યાદામાં વધારો, ડિજિટલ કામગીરી હોવાથી મોબાઈલ આપવા, પોષણ ટ્રેકર સહિત ડિજિટલ કામગીરીમાં ઘટાડો કરવો, એક ટાઈમ જિલ્લા તથા તાલુકામાં ફેરબદલીની તક આપવી, પોષણ આહાર તેમજ પોષણ સુધાના દરમાં વધારો કરવો, તમામ પ્રકારના બીલો નિયત સમયમાં ચૂકવવા સહિતની ૨૨ માંગણીઓ બાબતે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન સાથે બેઠક યોજવામાં આવે તેવી માંગ સાથે બગસરા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# વડીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય મેળો યોજાયો

વડીયા, તા.૦૬

અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા વડીયાના સામૂહિક આરોગ્ય કેન્દ્રના કોવિડ સેન્ટર ખાતે ગુરુવારે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડીયા સરપંચ, તાલુકા ભાજપ મહામંત્રી, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન અને વડીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટરોએ દીપ પ્રાગટ્ય કરી મેળાને ખુલ્લો મૂક્યો હતો. સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી યોજાયેલા આ મેળામાં હૃદયરોગ નિષ્ણાંત, જનરલ સર્જન, માનસિક રોગ નિષ્ણાંત, કાન, નાક, ગળાના નિષ્ણાંત, સ્કીન સ્પેશિયાલિસ્ટ, સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત, આંખના નિષ્ણાંત અને દાંતના નિષ્ણાંત ડોક્ટરોએ પોતાની



સેવાઓ આપી હતી. મગનભાઈ ભુવા અને સાગરભાઈ ગોંડલીયા સહિતના કર્મચારીઓએ પણ સહયોગ આપ્યો હતો. સમગ્ર વડીયા વિસ્તારમાંથી મોટી સંખ્યામાં દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં વિપુલભાઈ રાંક, શૈલેષભાઈ ઠુંમર, મનીષભાઈ ઢોલરિયા, તુષારભાઈ ગણાત્રા અને ચેતનભાઈ દાફડા સહિત સ્થાનિક આગેવાનો અને નિષ્ણાંત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી.

# ડી.એમ. પટેલ ફિઝિયોથેરાપી કોલેજમાં ઘરેલુ હિંસા સામે જાગૃતિ કાર્યક્રમ

અમરેલી, તા.૦૬

અમરેલીની ડી.એમ. પટેલ ફિઝિયોથેરાપી કોલેજ ખાતે ઘરેલુ હિંસા સામે લડત આપવા બાબતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈની સૂચના હેઠળ બેટી બચાવો બેટી પઢાવો યોજનાના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૨૨ જાન્યુઆરીથી ૮ માર્ચ સુધી ઉજવવાના થતા સપ્તાહોની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



હતું. કાર્યક્રમમાં કોલેજના પ્રોફેસર ભૂમિકાબેન, વૈશાલીબેન ચાવડા, જાનાબેન ગલચર અને મીનાક્ષીબેન મકવાણા, રેશ્માબેન, રત્નાબેન ગોસ્વામી, રીટાબેન હાજર રહ્યા હતા.

# અમરેલીમાં દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ સ્પર્ધા માટે બેટરી ટેસ્ટ યોજાશે

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લાના ખેલ મહાકુંભ ૩.૦ પસંદગી પ્રક્રિયા હેઠળ અંડર - ૦૯ અને અંડર-૧૧ તાલુકા કક્ષાની ૩૦ મીટર દોડ, ૫૦ મીટર દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ સ્પર્ધાઓના ૧ થી ૮ વિજેતા ભાઈઓ-બહેનો જિલ્લા કક્ષાએ બેટરી ટેસ્ટ આપી શકશે. તાલુકા કક્ષાએ બેટરી ટેસ્ટમાં પસંદગી પામેલા ખેલાડીઓની જિલ્લા કક્ષાના બેટરી ટેસ્ટનું અમરેલી સરદાર પટેલ રમત સંકુલ (ગોળ દવાખાનાની બાજુમાં, ચિતલ રોડ) ખાતે અંડર-૦૯ અને ૧૧ બહેનો માટે તા.૧૧-૦૩-૨૦૨૫ના તથા અંડર-૦૯ અને અંડર-૧૧ ભાઈઓ માટે તા.૧૨-૦૩-૨૦૨૫ના રોજ સવારે ૭ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આમ, ૧ થી ૮ ક્રમમાં પસંદગી પામેલ ખેલાડીઓએ જિલ્લા કક્ષાના બેટરી ટેસ્ટ માટે આધાર કાર્ડ અને સ્કૂલ આઈડી સાથે સ્વખર્ચે સ્પર્ધા સ્થળ ખાતે ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.













## છેલ્લાં ઘણા દિવસોથી ચાલતી અટકળોનો અંત, સંગઠનના અનુભવીને સોંપાયુ જિલ્લાનું સુકાન

# અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખનો તાજ અતુલ કાનાણીના શીરે

**નવનિયુક્ત જિલ્લા પ્રમુખને શુભેચ્છા આપવા કાર્યકરો ઉમટી પડ્યા**

અમરેલી,તા.૦૬

અમરેલી સહિત રાજયના અનેક જિલ્લાઓમાં ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા નવા પ્રમુખોની નિમણૂક કરવામાં આવી છે. આ અંતર્ગત અમરેલી જિલ્લા ભાજપના નવા પ્રમુખ તરીકે અતુલભાઈ કાનાણીની વરણી કરવામાં આવી છે. ધારી વિધાનસભા વિસ્તારના કાર્યકર્તા અતુલભાઈ કાનાણી વર્ષોથી સંગઠનમાં સક્રિય છે. તેમણે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે શુભ ચોઘડિયામાં પદભાર ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના ભરતભાઈ બોધરા, રાજેશભાઈ ચુડાસમા, રાજેશભાઈ શુક્લા,





સાંસદ ભરતભાઈ સુતરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા સહિત જિલ્લા ભાજપના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. નવા પ્રમુખની જાહેરાત થાય તે પૂર્વે જિલ્લામાંથી ભાજપના હોદ્દેદારો મોટી સંખ્યામાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આવી પહોંચ્યા હતા.

જિલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે ૨૦થી વધુ દાવેદારોએ દાવેદારી નોંધાવી હતી. જો કે પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના અનુભવી અને ધારી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ તેમજ જિલ્લા યુવા મોરચાના પૂર્વ પ્રમુખ અતુલભાઈ કાનાણીને જિલ્લા ભાજપ પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. અતુલભાઈ કાનાણીનું જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નામ જાહેર થતાની સાથે જ ભાજપ કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા. અતુલભાઈ કાનાણીએ જણાવ્યું કે, પાર્ટી નેતૃત્વે સોંપેલી જવાબદારી સંભાળવા માટે તેઓ તત્પર છે. તેમણે કહ્યું કે સંગઠનના કાર્યકર્તાઓ સાથે મળીને અમરેલી જિલ્લા ભાજપની કામગીરીને વધુ મજબૂત બનાવશે.

આગામી દિવસોમાં મજબૂત ટીમ બનાવી સંગઠનનું કામ સરળતાથી થાય અને લોકોના કામ થાય તે માટે પ્રયત્નશીલ રહેશે. પ્રમુખ બન્યા બાદ અતુલભાઈ કાનાણી ફતેપુર ભોજલરામ બાપાના દર્શનાર્થે પહોંચ્યા હતા.

# અમરેલીના ચક્કરગઢ રોડ રેલવે ફાટક પાસેના રસ્તાથી વાહનચાલકો તોબા

**રસ્તાઓ પર પડેલા ખાડાઓ બુરવામાં આવે તેવી માંગ**

અમરેલી,તા.૦૬



અમરેલીમાં ચક્કરગઢ રોડ રેલવે ફાટક નજીક રસ્તો અતિ બિસ્માર બન્યો છે. જેના કારણે વાહનચાલકોને હાલાકી વેઠવી પડે છે. ત્યારે અહીં રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી વાહનચાલકોમાં માંગણી ઉઠી છે. ચક્કરગઢ રોડ પર સંકુલ જેવી અનેક સ્કૂલ આવેલી છે. અહીં દરરોજ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ સાયકલ અને બાઈક જેવા વાહનો લઈ પસાર થઈ રહ્યા છે. ઉપરાંત વાહનચાલકો પણ પસાર થઈ રહ્યા છે. પરંતુ રેલવે ફાટક નજીક રસ્તો અતિ બિસ્માર બન્યો છે. સાથે સાથે ચક્કગઢ રોડ પર અનેક જગ્યાએ ખાડા પડી ગયા છે. જેના કારણે વાહનચાલકો અને વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે. બિસ્માર રોડથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. ત્યારે તંત્ર ચક્કરગઢ રોડ પર રેલવે ફાટક નજીક ઉપરાંત રસ્તા પર પડેલા ખાડાઓ પુરે તેવી વાહનચાલકો અને વિદ્યાર્થીઓમાં માંગણી ઉઠી છે.

## ગામમાં ગંદકી હવે ભૂતકાળ બનશે

# વડીયાના નાજાપુર ગામે રૂા. ૩.૫૦ લાખના ખર્ચે ભૂગર્ભ ગટર બનશે

**ખાતમુહૂર્ત પ્રસંગે સરપંચ સહિત ગ્રામજનોની હાજરી**

વડીયા,તા.૦૬



વડીયા તાલુકાના નાજાપુર ગામે રૂા.૩.૫૦ લાખના ખર્ચે ભૂગર્ભ ગટર બનાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. ભૂગર્ભ ગટરના કામનું આજે ગ્રામજનોની હાજરીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ભૂગર્ભ ગટર બનતા હવે ગંદકીની સમસ્યા ભૂતકાળ બનશે. ખાતમુહૂર્ત પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ લાલજીભાઈ દાફડા, ઉપસરપંચ કનુભાઈ હુંબલ, પૂર્વ સરપંચ પ્રવીણભાઈ પાનસુરિયા, યુવા આગેવાન કૌશિકભાઈ પાનસુરિયા, વિઠ્ઠલભાઈ પાનસુરિયા, મનસુખભાઈ પટોળીયા, રાજુભાઈ ઢેબરીયા, અશોકભાઈ ઢેબરીયા, જે.ડી. રાણપરિયા, મનસુખભાઈ ઊંધાડ, બાલુભાઈ પટોળીયા સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**અમરેલી**

અ.સૌ. હીનાબેન સંજયભાઈ જોશી (ઉ.વ.૫૬)નું તા.૦૫ના રોજ અવસાન થયેલ છે. તે અમરેલી નિવાસી સંજયભાઈના પત્ની, ઋત્વિકભાઈના માતા તેમજ ધર્મેન્દ્રભાઈના ભાભી તેમજ સરોજબેનના સાસુ થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૦૭ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે શશાંક મહાજન પાર્ટી પ્લોટ સ્ટેશન રોડ અમરેલી મુકામે રાખેલ છે.

**કોડીનાર**

કોડીનાર નિવાસી કારડીયા રાજપૂત ખેડૂત અગ્રણી બાલુભાઈ જીવાભાઈ ડોડીયા (ઉ.વ.૮૪)નું તા.૦૫ના રોજ અવસાન થયેલ છે. તે હરિભાઇ જીવાભાઈ ડોડીયાના ભાઈ તેમજ કનુભાઇ, જશુભાઇ અને સંજયભાઇના પિતા અને કાળુભાઇ ઓઘડભાઇ ડોડીયાના કાકા થાય છે. તેમનું બેસણું તા.૦૭ના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાકે તેમના નિવાસ સ્થાન વરદ ફાર્મ વાડી વિસ્તાર ગોહિલની ખાણ રોડ કોડીનાર ખાતે રાખ્યું છે.

**ધોરાજી**

ધોરાજી નિવાસી નવીનચંદ્ર અમૃતલાલ ગોહેલ (ઉ.વ.૬૨)નું તા.૦૫ના રોજ અવસાન થયેલ છે. તે કિશોરભાઈ તથા અશ્વિનભાઇના ભાઈ, શૈલેષ તથા પિન્ટુના પિતા થાય છે.

**ચલાલા**

જૂનાગઢ નિવાસી જયશ્રીબહેન ઈશ્વરભાઇ બાટવીયાનું તા.૦૪ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ.ઈશ્વરલાલના ધર્મપત્ની અને સ્વ.કલ્પેશભાઈ સંદિપભાઇના માતૃશ્રી, તે આર્યનના દાદી, તે સ્વ. ભગવાનજીભાઇ ગોરધનદાસ બલદેવ (રાજકોટ)ના દિકરી થાય છે.

**મોટા લીલીયા**

મોટા લીલીયા નિવાસી (પીપળવાવાળા) સ્વ.બળવંતરાય મહાશંકર દવે (ઉં.વ ૮૯)નું તા.૫/૩/૨૦૨૫ના રોજ દુખદ અવસાન થયેલ છે. તે સ્વ ભરતભાઈ, યોગેશભાઈ, રંજનબેન પ્રકાશકુમાર પંડ્યા, શોભનાબેન દીપકકુમાર વ્યાસ, દક્ષાબેન દીપકકુમાર પંડ્યાના પિતાશ્રી તેમજ શાસ્ત્રી રસિકદાદા શાસ્ત્રી, ભાનુ દાદાના કાકા શાસ્ત્રી, મહેશભાઈના મોટા બાપુજી કૌશિકભાઈ તથા નરહરી ભાઈના દાદા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૮/૩/૨૦૨૫ના રોજ બપોરે ૨:૩૫થી સાંજના ૬:૦૦ સુધી જલારામ મંદિર લીલીયા મોટા રાખેલ છે.

**વલારડી**

સ્વ. શંભુભાઈ મનજીભાઈ દેત્રોજા (ઉ.વ.૯૫)નું તા.૬/૩/૨૫ના રોજ વલારડી મુકામે અવસાન થયેલ છે. તે જિલ્લા પંચાયતના સભ્ય હિંમતભાઈ દેત્રોજાના પિતાશ્રી થાય છે. તેમનું બેસણું તા.૭/૩/૨૫ને શુક્રવારના રોજ સવારના ૮થી સાંજના ૫ વાગ્યા સુધી કડવા પટેલ સમાજની વાડી વલારડી મુકામે રાખેલ છે.

## નગરપાલિકા અત્યાર સુધી રેકડીધારકો પાસેથી દૈનિક રૂા.૨૦ ભાડું વસુલતી હતી


# બગસરામાં હવે રેકડીધારકોએ ભાડાપેટે રૂ.૧૦ ચુકવવાનો નિર્ણય

**સંભવત આગામી મહિનાથી નવું ભાડુ અમલમાં આવશે**

બગસરા, તા.૦૬



બગસરા નગરપાલિકા દ્વારા શહેરીજનો માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં શહેરમાં માર્ગ પર ઉભા રહેતા રેંકડીધારકોને દૈનિક ભાડામાં રાહત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બગસરા નગરપાલિકા દ્વારા શહેરના માર્ગો પર ઉભા રહેતા રેકડીધારકો અને કેબીનધારકો પાસેથી દૈનિક ભાડા પેટે રૂા.૨૦ વસુલવામાં આવતા હતા. આ અંગે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતું કે, આગામી માસથી સંભવતઃ રેકડી અને કેબીનધારકોને રાહત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આગામી માસથી દૈનિક રૂા.૨૦ના બદલે રૂા.૧૦ લેવામાં આવશે તેમજ નદીપરા વિસ્તારમાં બનતો માર્ગ આઈકોનીક માર્ગ બનાવવામાં આવશે. સાથોસાથ બાયપાસ સ્મશાનમાં લાકડાની બચત થાય તે માટે મોટી ભઠ્ઠી પણ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ તો રેકડીધારકો અને કેબીનધારકોને રાહત આપવાનો નિર્ણય કરવામાં આવતા શ્રમિક પરિવારોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.



# ધારીની સગીરાને અમરેલીનો યુવક ભગાડી ગયો

ધારી, તા.૬

ધારીમાં રહેતી એક સગીરાને અમરેલીનો યુવક ભગાડી ગયો હતો. જેને લઈ સગીરાની માતાએ અમરેલીમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, જયપાલ પ્રવિણભાઈ વાઘેલા તેમની સગીર વયની દીકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

## -:: જાહેર નોટીસ ::-

ફો.પ.અ.નં.૨૧/૨૦૨૫

**મે લાઠીના મામલતદાર સાહેબ એવમ તાલુકા મેજી સાહેબની કોર્ટમાં મુ લાઠી.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી કોટડીયા રહે લાઠી**

અરજદાર ::- લીંબાસીયા નીતાબેન જાદવભાઈ ઉ.વ ૪૮ ધંધો ઘરકામ ધર્મે હિન્દુ/ પટેલ રહે. ચાવંડ હાલ સાસરે શેખપીરીયા તા.લાઠી

**-::વિરૂધ્ધ ::-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધીકારી ત.ક.મ. ચાંવડ ગ્રામ પંચાયત કચેરી**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામના રહેવાસી છે. હાલ તેઓ શેખ પીરીયા તા. લાઠી મુકામે સાસરે છે. અને અરજદાર પોતે લીંબાસીયા નીતાબેન જાદવભાઈ ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પોતે લીંબાસીયા નીતાબેન જાદવભાઈ નો જન્મ જે તે સમયે તેમના નિવાસ સ્થાન ચાવંડ તા લાઠી મુકામે જન્મ તારીખ-૧/૬/૧૯૭૭ રોજ ની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદ્દત તારીખ. ૨૭/૩/૨૦૨૫ ના રોજ અત્રેની કોટ લાઠી તાલુકા મેજી મામલત દાર સાહેબ કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધલેશો.

સ્થળ ::- લાઠી
તારીખ ::- ૨૧/૨/૨૦૨૫

શીરીસ્તેદાર ઓફ લાઠી મામ કચેરી લાઠી
તાલુકા મેજી મામલતદાર કચેરી

## -//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ/ કેસ/રજી.નં. /૨૦૨૫

પ્રતિ,
શ્રી મલાઈબેન પીઠાભાઈ વાંઝા વા/ઓ અરજણભાઈ વાઢેળ
રહે. જીથલા, હાલ.ભીયાળ, તા. ગીર ગઢડા, જિલ્લો-ગીર સોમનાથ .........અરજદાર
વકીલશ્રી જી.પી.રાઠોડ રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જીથલા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-::જાહેર નોટીસ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના જીથલા ગામના રહીશ **શ્રી પીઠાભાઈ કાળાભાઈ વાંઝા તથા સાજણબેન પીઠાભાઈ વાઝાંની પુત્રી મુળીબેન પીઠાભાઈ વાઝા નો** જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫માં કોડીનાર તાલુકાના જીથલા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધ કોડીનાર તાલુકાના જીથલા ગામના સને.૧૯૬૫ ના જન્મ રજીસ્ટારે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૩/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

સહિ
(જી.કે. વાળા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# લીલીયાના સલડીની યાજ્ઞિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સંજોગ ન્યૂઝની મુલાકાતે

**વિદ્યાર્થીઓ સમાચારની દુનિયાની રજેરજની માહિતી મેળવી ઉત્સાહિત થયા**



અમરેલી,તા.૦૬

લીલીયાના સલડી ગામની એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ અમરેલી ખાતે આવેલ સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી હતી. સલડી હાઈસ્કૂલમાં ધો.૭માં અભ્યાસ કરતા ૩૭ વિદ્યાર્થીઓએ સંજોગ ન્યૂઝ કાર્યાલયની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સંજોગ ન્યૂઝના રેસિડેન્ટ એડીટર નિલેશભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓએ સમાચાર અંગે માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓને વોકેશનલ વિષય તરીકે આઈ.ટી./આઈટીઈએસનો અભ્યાસ કરાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓને વિષય અંતર્ગત ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોનું શિક્ષણ આપવાના હેતુથી વિદ્યાર્થીઓએ સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓની સાથે આચાર્ય અજય માઢક, રાજેશ્રીબેન નિમાવત, મનિષભાઈ ભારદીયા, દર્શિલભાઈ મહેતા સહિતના શિક્ષકો હાજર રહ્યાં હતા.

# અમરેલી-અંબાજી એસ.ટી.ને મુસાફરોનો બહોળો પ્રતિસાદ

**પાંચ દિવસમાં ૬૪૦૦૦ની આવક નોંધાઈ**



અમરેલી,તા.૦૬

અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા મુસાફરો અને સામાજિક સંસ્થાઓની માંગને ધ્યાને લઈ અમરેલીથી અંબાજી બસ શરૂ કરવામાં આવી હતી. અમરેલી-અંબાજી બસ ગત તા.૧ માર્ચના રોજ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ લીલીઝંડી આપી બસનું પ્રસ્થાન કરાવ્યું હતું. જો કે પાંચ દિવસમાં આ બસને મુસાફરોનો બહોળો પ્રતિસાદ જોવા મળ્યો છે. અમરેલી એસ.ટી.ડિવિઝન તરફથી મળતી માહિતી મુજબ અમરેલી-અંબાજી બસને માત્ર પાંચ દિવસમાં ૬૪ હજાર જેવી આવક નોંધાઈ હતી. જો કે હજુ આ રૂટ પર લકઝરી બસ દોડી રહી છે. આ અંગે વિભાગીય નિયામક અતુલ સોલંકીએ જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ નવી સ્લીપર બસ આવતા આ રૂટ પર સ્લીપર બસ મુકવામાં આવશે જેથી વધુ ટ્રાફિક જોવા મળશે. જો કે આ બસ અંબાજીથી સાંજના પાંચ કલાકના બદલે સાંજના ૬ કલાકે કરવામાં આવે તો મુસાફરોને વધુ લાભ મળે તેમ હોવાનું લોકો જણાવી રહ્યાં છે.

# અમરેલી શહેરમાં ઝેરોક્ષની દુકાનમાંથી મોબાઈલ ચોરાયો

અમરેલી, તા.૦૬

અમરેલીમાં રહેતો ફ્રૂટનો વેપારી ઝેરોક્ષની દુકાને ગયો હતો. જ્યાં ટેબલ પર તેણે મોબાઈલ મુક્યો હતો. આ ફોનની કોઈ અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. ઈમ્તીયાઝભાઈ યુનુસબાઈ ગિગાણી (ઉ.વ.૫૫) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દીકરો તેમના મોબાઈલ ફોનમાંથી ઝેરોક્ષ કાઢવા અમરેલી જુના માર્કેટિંગમાં આવેલી મલય ઝેરોક્ષ દુકાને ગયો હતો. ત્યાં ટેબલ ઉપર કંપનીનો મોબાઈલ ફોન મુક્યો હતો. જે ફોન ટેબલ ઉપર ભુલાઈ જતાં ત્યાંથી અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા પંથકમાં પરિણીતાને યુવકે બદનામ કરવાની ધમકી આપી

**તારો ઘરવાળો અત્યારે હાજર નથી તું એકલી છો મને ખબર છે તેમ પણ કહ્યું**

બાબરા, તા.૦૬

બાબરા પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. એક પરિણીતાને યુવકે મકાનની અંદર નહી આવવા દે તો હું તારો વીડિયો બનાવી સમાજમાં બદનામ કરીશ કહી ધમકી આપી હતી. તેમજ તારા પતિને પણ નોકરી નહીં કરવા દઉં તેમ કહ્યું હતું. તેમજ તારો ઘરવાળો અત્યારે હાજર નથી તું એકલી છો, મને ખબર છે તેમ કહ્યું હતું. બનાવ સંદર્ભે પરિણીતાએ આશીષ ઉર્ફે અપ્પુ ધીરૂભાઈ જોષી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિ બાબરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરે છે. તેઓ ઘરકામ કરતા હતા ત્યારે આરોપી આબરૂ લેવાના ઈરાદે ઘરે આવ્યો હતો. તેમના ઘરે હાજર સિક્યુરીટી તથા તેમના પત્નીએ અંદર જવાની ના પાડી હતી. જેથી તેઓ ગેઈટ ઉપર આવતા આરોપીએ બિભત્સ ચેનચાળા કરી આબરૂ લેવાના ઈરાદે ઘરમાં ઘૂસવાની કોશીષ કરી હતી. જેથી તેમણે ગેઈટ બંધ કરી દીધો હતો. આરોપીએ તેના ઘરની બાજુમાં આવેલ કાકા પી.વી.સી. પાઈપના બિલ્ડીંગ ઉપર ચડી તેની સામે જોઈને બિભત્સ ગીતો ગાઈ મને બુમ પાડી બોલાવીને કહેવા લાગ્યો હતો કે તારો ઘરવાળો અત્યારે હાજર નથી તું એકલી છો મને ખબર છે, તું મને અંદર આવવા દે તેમ કહી બિભત્સ માંગણી કરી, ખરાબ ચેનચાળા કર્યા હતા. તેમની સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગણી કરી હતી અને મકાનની અંદર નહી આવવા દે તો હું તારો વીડિયો બનાવી સમાજમાં બદનામ કરી દઈશ, તારા પતિને શાંતિથી નોકરી નહી કરવા દઉં, ખોટા વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં જાહેર કરી દઈશ તેમ ગુનાહિત ધમકી આપી હતી. તેમજ તેની છેડતી કરવાના ઈરાદાથી અવારનવાર પીછો કરતો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ડેડાણ ગામે કૂવામાં ઉતરતી વખતે દોરડું મુકાઈ જતાં આધેડનું મોત

**ખાંભા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

રાજુલા, તા.૦૬

ડેડાણ ગામે વાડીના કૂવામાં દોરડું બાંધીને ઉતરતી વખતે દોરડું મુકાઈ જતાં ખાબકેલા આધેડનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે રાજુલામાં રહેતા યોગેશભાઈ કાનજીભાઈ ભુતીયા (ઉ.વ.૨૯)એ જાહેર કર્યા મુજબ, કાનજીભાઈ માધાભાઈ ભુતીયા (ઉ.વ.૫૫) ડેડાણ ગામે વાડીમાં કૂવામાં તડ પંપના ફુટવાલમાં કચરો આવી જતા કૂવે દોરડું બાંધી કૂવામાં ઉતરતા હતા. આ સમયે હાથમાંથી દોરડું મુકાઈ જતા માથામાં તથા ડાબા હાથમાં ઈજા થતા મૃત્યુ પામ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમેશભાઈ બાઘાભાઈ શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના ધજડી મુકામે પૂ. સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનો સત્સંગ સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલા તાલુકાના ધજડી ખાતે રાત્રી સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૦૪/૦૩/૨૫ ને મંગળવારે રાત્રે ૮.૩૦ બ.પૂ. પા. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં અનન્ય ચરણોપાસક સદ્દ્શિષ્ય પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનું ધજડી ખાતે રાદડિયા પરિવારનાં કુળદેવી મંદિરે રાત્રી સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂ.ભોલાનંદ સરસ્વતીજી મહારાજે પ્રવચન આપતા કહ્યું હતું કે શિવજીનું નામસ્મરણ એ મુકિતનો માર્ગ છે. શિવજીના ગુણોને આપણા વ્યક્તિગત જીવનમાં ગ્રહણ કરવા જોઈએ.

# સાવરકુંડલામાં દંતચિકિત્સા અને દાંતની બત્રીસીનો નિઃશુલ્ક કેમ્પ યોજાશે

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાં દંત રોગ અને દાંતની બત્રીસીનો કેમ્પ યોજાશે. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય - સાવરકુંડલા અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે પરમ પૂજ્ય ધીરગુરુદેવની પ્રેરણાથી સાવરકુંડલામાં દંત ચિકિત્સા અને દાંતની બત્રીસીના નિઃશુલ્ક કેમ્પનું આયોજન તાઃ૭-૩-૨૫ ને શુક્રવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ કરવામાં આવ્યું છે. સાવરકુંડલાના નગરજનોને અને આસપાસના વિસ્તારના ગ્રામજનોને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ છે. દંત રોગનું નિદાન કરી જાલંધર બંધ વડે વિનામૂલ્યે દાંત કાઢી અપાશે. જરૂર મુજબ દવા અપાશે અને જે વૃદ્ધ વ્યક્તિને દાંતની બત્રીસી (ડેન્ચર)ની આવશ્યકતા હશે તેમને વિનામૂલ્યે બત્રીસી બનાવી આપવા માટે કેમ્પમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

# સાવરકુંડલામાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૪૪ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની બોટલ ઝડપાઈ હતી. સા.કુંડલા જેસર રોડ મંગલમ સોસાયટીમાં હવેલી પાસેથી યશ પ્રતાપભાઈ વાઘેલા તથા અલ્પેશભાઈ બાવચંદભાઈ ઉનાવા પાસેથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૪૪ મળી આવી હતી. પોલીસે કુલ રૂ.૩૧,૪૮૭નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ નાગભાઈ નથુભાઈ કીકર વધુ તપાસ કરી રહ્યા છે. રોહીસાથી ધારાબંદર-ખત્રીવાડા જવાના રસ્તેથી ચંદ્રેશભાઈ જગુભાઈ ગુજરીયા (ઉ.વ.૨૬) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૦ બોટલ મળી હતી. પોલીસે કુલ ૧૪૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજપરડાથી ડુંગર તરફ આવતા રોડ પરથી બાઈક લઈને પસાર થતાં યુવક પાસેથી ૩ લીટર દેશી દારૂ મળ્યો હતો. પોલીસે કુલ ૨૦,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સિવાય એક મહિલા સહિત ચાર લોકો પાસેથી ૫૨ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. રાજુલા અને બાબરામાંથી એક-એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા. ૦૭-૦૩-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૪૦,
સૂર્યાસ્ત-૦૬:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૩-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે.

વૃષભ: આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે.

મિથુન: જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ.

કર્ક: આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઇનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે.

સિંહ: તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે.

કન્યા: કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જાહેર જીવન સારું રહેશે.

તુલા: આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા હોય ત્યાંથી નિરાશા મળશે.

ધન: આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો.

મકર: આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો.

કુંભ: કાર્યમાં ઇચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી.

મીન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે.

# સૌરાષ્ટ્ર યુનિ.ના ૫૯માં દીક્ષાંત સમારોહમાં દીપકભાઈ વઘાસિયાની પ્રેરક ઉપસ્થિતિ




અમરેલી, તા.૦૬

સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા શ્રી કાનજી ભુટ્ટા હોલ ખાતે યુનિ. નો ૫૯મો દીક્ષાંત સમારોહ ગરીમાપૂર્ણ રીતે યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા તથા પરમ પૂજ્ય(ડો.) સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતી તેમજ ISRO ISRO - SAC ના ડાયરેક્ટર નિલેષભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ તેમજ સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પ્રો. ઉત્પલભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને આ સમારોહ યોજાયો હતો. જેમાં અમરેલી જિલ્લાના જાણીતા શિક્ષણવિદ તેમજ શિક્ષણના માધ્યમથી સમાજના એક પ્રબુધ્ધ નાગરિક તથા યુનિવર્સિટી સલાહકાર તરીકે નિયુક્ત થયેલા દીપકભાઈ વઘાસિયાએ પ્રેરક હાજરી આપી હતી. તેમજ હાજર મહેમાનો સાથે સક્રિય ચર્ચા કરી વર્તમાન ઉચ્ચ શિક્ષણમાં મૂલ્યલક્ષી કેળવણી માટે મહત્વના સૂચનો કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ૪૨,૬૭૭ દીક્ષાર્થી વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. તેમજ તેજસ્વી તારલાઓને સુવર્ણ ચંદ્રકો તથા પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં વોર્ડ નંબર - ૩માં ગેસ લાઈનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા.૦૬

સા.કુંડલા શહેરના વોર્ડ નંબર ત્રણમાં ગેસલાઈનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે લાઈનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે નગરપાલિકા ઉપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, વિસ્તારના સદસ્ય ગૌતમ સાવજ, કેશુભાઈ ચુડાસમા, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, વિસ્તાર આગેવાન હિમાંશુભાઈ ભટ્ટ, ચંદુભાઈ ડોડીયા, ચેતનભાઈ પરમાર, રાજુભાઈ પરમાર, ખોડાભાઈ વિરાણી, હિમતભાઈ વિરાણી, મુકેશભાઈ વિરાણી, મુકેશભાઈ જેઠવા, મેહુલભાઈ વસોયા, ભાઈલાલ જયાણી, નમ્રતાબેન મશરૂ સહિત વિસ્તારના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# દોલતી ગામે દુઃખાવાથી કંટાળી મહિલાએ એસિડ ગટગટાવ્યું

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાના દોલતી ગામે રહેતી એક મહિલાએ દુઃખાવાથી કંટાળી એસિડ પીધું હતું. પ્રકાશભાઈ નારણભાઈ વાલસુર (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, મણીબેન નારણભાઈ વાલસુર (ઉ.વ.૬૫)ને છેલ્લા પાંચેક વર્ષથી બન્ને હાથ-પગના દુઃખાવો થતો હતો. જેના કારણે કંટાળી જઈ એસિડ પી જતાં તેમનું મૃત્યુ થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો. એ.એસ.આઈ બી.વાય. હબસી વધુ તપાસ કરી રહ્યા છે. લીલીયાના પાંચ તલાવડા ગામે રહેતા લાલકાભાઈ હેમાલીયાભાઈ વાસ્કેલ (ઉ.વ.૨૩)એ જાહેર કર્યા મુજબ, મેથલીબેન હેમલીયાભાઈ વાસ્કેલ (ઉ.વ.૧૮)એ ગળાફાંસો ખાઈ જતા મરણ પામ્યા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી.બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે માતૃભાષા મહોત્સવની ઉજવણી



અમરેલી, તા.૦૬

અમરેલીમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત ×માતૃભાષા મહોત્સવઃ ૨૦૨૫× નિમિત્તે તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ એક વ્યાખ્યાનનું આયોજન કરી વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કોલેજ ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંયોજન કેતનભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ થયું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડૉ. એસ.આર. દવે અને વક્તા તરીકે કવયિત્રી પારૂલબહેન ખખ્ખર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના ગુજરાતી વિભાગનાં નવનિયુક્ત પ્રાધ્યાપક ડૉ. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું. ડૉ. વિલાસબહેન સોરઠીયાએ પ્રાસંગિક ઉદ્બોધન તથા આમંત્રિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. પારુલબહેન ખખ્ખરે 'ગીતકથાઃ કાવ્યની નૂતન કેડી'એ વિષય ઉપર વ્યાખ્યાન રજૂ કર્યું. જ્યારે કેતનભાઈ જોશીએ 'વાર્તા અને ગુજરાતી સાહિત્યમાં તેની અગત્યતા' એ વિષય વ્યાખ્યાન રજૂ કર્યું હતું. ડૉ. એસ.આર. દવેએ માતૃભાષા વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

**તંત્રી લેખ**

# બેફામ વાણી વિલાસ

ભારતમાં દરેક વ્યક્તિને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અબાધિત અધિકાર છે. બંધારણમાં તેને માટે પૂરી સ્વતંત્રતા આપેલી છે પરંતુ આ સ્વાતંત્રનો સૌથી વધુ મોટા પ્રમાણમાં દુરુપયોગ રાજકીય નેતાઓ કરી રહ્યા છે, તેના ફાલતુ બકવાસથી મોટા વિવાદો ઊભા થાય છે. ટીવી ચેનલો આ તક ઝડપીને બૂમબરાડા પાડતા શો ચાલુ કરી દે છે!!. આનાથી વિવાદ ઘટે છે કે વધે છે તેની જાણકારી ભલે પ્રાપ્ત ન થતી હોય પરંતુ આનાથી અનેક માનવ કલાકો વેડફાય છે, અનેક લોકોનો ટાઈમ બગડે છે. આ પારકી પંચાતમાં અનેક લોકો કોઈ સાર્થક કામ કરી શકતા નથી. અનમોલ સમયની બરબાદી થાય છે! ચિત્ર વિચિત્ર પ્રકારના વિધાનો કરીને લાઈવમાં રહેવા માટે સૌ કોઈ આજે તલપાપડ છે. વિચિત્ર પ્રકારના નિવેદનો કરવાથી ટીવી પર થોડીવાર માટે નેતાઓ છવાઈ જાય છે પરંતુ એટલી જ ઝડપથી ભુલાઈ જાય છે. હવે તો માત્ર રાજકારણીઓ નહીં પરંતુ ધર્મના ઠેકેદારો પણ આવા વાદવિવાદ કરવામાં જરાય પાછળ રહેતા નથી. વાદવિવાદ ઊભા કરવાનો સૌથી મોટો સંવેદનશીલ મુદ્દો હોય તો તે "સનાતન ધર્મ" ઉપરની ટીકા કરવાનો છે કારણકે આ એક સોફ્ટ ટાર્ગેટ છે. સનાતન ધર્મ પર ટીકા કરવાથી કોઈ ફાંસીએ ચડાવી દેવાનું નથી તેમજ કોઈ જાહેરમાં ફટકા મારવાનો નથી તેમજ કોઈ જેલમાં પૂરવાનું નથી આથી બેબાક રીતે રાજકીય પક્ષો એક બે અપવાદને બાદ કરતા સનાતન ધર્મ પર બેફામ ટીકા ટીપ્પણી કરે છે. તેઓ જાણે છે કે આ લોકો માત્ર દુ:ખની લાગણી વ્યક્ત કરશે. સનાતન ઉપર ટીકા કરવાથી લઘુમતીની વોટબેન્ક તગડી થઈ જાય એવું લોકો માને છે પણ હકીકતમાં એવું નથી. જો આ વાત સાચી હોત તો કેજરીવાલ ઘર ભેગા થયા ન હોત. આજે તેઓ પરમ શાંતિની શોધમાં ૫૦ ગાડીઓના લાવલશ્કર સાથે આધ્યાત્મિક કેન્દ્રમાં યોગ સાધના કરી રહ્યા છે. આત્મમંથન કરી રહ્યા છે કે ચૂંટણીમાં આવી કારમી હાર શા માટે થઈ ? શા માટે મારે જેલમાં જવું પડ્યું ?દારૂબંધીના પૈસાનું હવે શુ થશે? આવા બધા અનેક મૂંઝવતા સવાલોનો જવાબ તેને શાંતિના માર્ગે મળશે કે કેમ તે એક શંકા છે !! આવી જ રીતે રાહુલ ગાંધી પણ આત્મમંથન કરી રહ્યા છે કે દિલ્હીમાં મેં આટલા બુમરાડા પાડ્યા છતાં પણ એક પણ સીટ શા માટે ન મળી ?!! આમ આદમી પાર્ટી વાળા માને છે કે દિલ્હીમાં કોંગ્રેસે તેનો ખેલ બગાડી નાખ્યો. ૧૦ દિવસ એકાંતવાસમાં મેડીટેશન કરવાથી તેને આ બધા પ્રશ્નોનું પરમજ્ઞાન પ્રાપ્ત થશે કે કેમ તે એક સવાલ છે. એકાંતમાં સાધના કરવાથી તેઓ હવે પછી સહજ ભાવથી જનતાની સેવા કરનારા નેતા બની જશે એવું માની શકાય. વાદવિવાદો ઉભા કરતી ટીકાઓ કરવામાં હવે ધર્મ અને સંપ્રદાયના ભગવાધારીઓ પણ પાછળ નથી. તેઓ પણ સામાજિક ક્રાંતિ કરવાને બદલે વાદવિવાદ ઊભા કરી રહ્યા છે આ બધું શા માટે ચાલી રહ્યું છે? આ દેશમાં બંધારણે દરેક વ્યક્તિને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર આપ્યો છે પરંતુ આ અધિકારનો આજે સાર્વત્રિક રીતે અતિશય દુરૂઉપયોગ થઈ રહ્યો છે જેના પર હવે લગામ કસવાની જરૂર છે જો આમ નહીં થાય તો આપણા સંસદ ભવનથી માંડીને શેરીઓ સુધીમાં સતત વાદવિવાદ ચાલ્યા કરશે. આમ થશે તો આપણો દેશ પાંચ ટ્રિલીયન અર્થતંત્ર ધરાવતો મહાન દેશ કેવી રીતે બની શકશે ? દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે એનો અર્થ એવો નથી કે સમાજમાં ગેરસમજ ફેલાય એવા નિવેદનો કરવા. જ્યારે કોઈપણ વ્યક્તિ જાહેરમાં સંબોધન કરે છે ત્યારે તેણે પોતાની જીભ પર લગામ રાખવી જોઈએ વ્યર્થ બક્વાસ કરવાથી પરિસ્થિતિ બગડે છે.

# પાકિસ્તાને પચાવી પાડેલું ભારતનું કાશ્મીર પાછું આપવું જોઈએ!

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**




ભારતના વિદેશ મંત્રી હાલ બ્રિટનના પ્રવાસે છે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે કાશ્મીર ભારતનો એક અવિભાજ્ય ભાગ છે અને તે પરત મળવું જોઈએ. સાચું પૂછો તો કાશ્મીરની કોઈ સમસ્યા છે જ નહીં. કાશ્મીર સંપૂર્ણપણે ભારતનું હતું, ભારતનું છે અને ભારતનું કાયમ માટે રહેવાનું છે માટે પાકિસ્તાન વહેલી તકે પોતાના કબજા હેઠળ રહેલું કાશ્મીર ખાલી કરી આપે તે અત્યંત જરૂરી છે. ભારતને એનું પાકિસ્તાન પાછું આપી દો એટલે કોઈ સમસ્યા રહેતી જ નથી. એક સારા પાડોશી તરીકે પાકિસ્તાનને જો સંબંધો સાચવવા હોય તો ભારતને તેનું કાશ્મીર પાછું સોંપી દેવું જોઈએ જેથી તેનો સારામાં સારો વિકાસ થઈ શકે અને પ્રજાને પણ પૂરેપૂરી રાહત થઈ શકે. ભારત પાસે એવી તાકાત છે કે કાશ્મીરની અંદર હાલ જે રીતે વિકાસના કાર્યો થઈ રહ્યા છે તેવા વિકાસના કાર્યો પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં પણ થઈ શકે અને પ્રજાને રોજગારીની તકો મળે અને આખા પ્રદેશનો વિકાસ થાય માટે પાકિસ્તાને પોતાના કબજામાં રાખેલું કાશ્મીર ભારતને પાછું સોંપી દેવું જોઈએ જેથી તમામ સમસ્યાનો અંત આવે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે આ બાબતમાં પૂરેપૂરી સ્પષ્ટતા કરી છે. જયશંકરે કહ્યું- PoK મેળવી લીધા પછી બધી સમસ્યાઓનો અંત આવશે. એસ જયશંકરે કાશ્મીર અંગે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં, આર્થિક પગલાં અને ઉચ્ચ મતદાન ટકાવારી સાથે યોજાયેલી ચૂંટણીઓનો ઉલ્લેખ કર્યો. તેમણે પીઓકેનો પણ ઉલ્લેખ કર્યો. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે બુધવારે લંડનમાં ચેથમ હાઉસ થિંક ટેન્ક ખાતે આયોજિત ×ભારતનો વિકાસ અને વિશ્વમાં ભૂમિકા× સત્રમાં કાશ્મીર અને આંતરરાષ્ટ્રીય આર્થિક પરિપ્રેક્ષ્યમાં ડોલરના ઉપયોગ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ દરમિયાન તેમણે કાશ્મીર અંગે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં, આર્થિક પગલાં અને ઉચ્ચ મતદાન ટકાવારી સાથે યોજાયેલી ચૂંટણીઓનો ઉલ્લેખ કર્યો. તેમણે પીઓકેનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે હવે ભારત આની રાહ જોઈ રહ્યું છે, જે પાકિસ્તાને ગુપ્ત રીતે પોતાની પાસે રાખ્યું છે. કાશ્મીર અંગેના એક પ્રશ્નના જવાબમાં જયશંકરે કહ્યું, ×અમે કાશ્મીરમાં મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ લાવી દીધો છે. મને લાગે છે કે કલમ ૩૭૦ દૂર કરવી એ પહેલું પગલું હતું. પછી બીજું પગલું કાશ્મીરમાં વિકાસ, આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાયની પુનઃસ્થાપનાનું હતું. ત્રીજું પગલું ચૂંટણીઓનું આયોજન હતું, જેમાં મતદાનમાં ખૂબ જ વધારો જોવા મળ્યો. મને લાગે છે કે આપણે જેની રાહ જોઈ રહ્યા છીએ તે કાશ્મીરનો ચોરાયેલો ભાગ પાછો મેળવવાની છે. તે ભાગ હાલમાં પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળ છે. જ્યારે આવું થશે, ત્યારે હું તમને ખાતરી આપું છું કે કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવશે.× જયશંકરે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળનું યુએસ વહીવટ બહુધ્રુવીયતા તરફ આગળ વધી રહ્યું છે, જે ભારતના હિતમાં છે. ×આપણે એક રાષ્ટ્રપતિ અને એક વહીવટ જોઈ રહ્યા છીએ જે બહુધ્રુવીયતામાં આગળ વધી રહ્યું છે, અને તે ભારત માટે અનુકૂળ છે,× તેમણે કહ્યું. જયશંકરે ટેરિફ વોર પર પણ વાત કરી અને તે અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ટેરિફ વિશે વાત કરતા જયશંકરે કહ્યું કે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ હાલમાં વૉશિંગ્ટનમાં છે. ચીન સાથેના સંબંધો વિશે જયશંકરે શું કહ્યું ? જયશંકરે ચીન સાથે ભારતના સંબંધો, રૂપિયાના આંતરરાષ્ટ્રીયકરણ અને વૈશ્વિક અર્થતંત્રમાં ડોલરની ભૂમિકા અંગે

**જયશંકરે કહ્યું કે PoK પરત મળતાં જ બધી સમસ્યાઓનો અંત આવશે.**

પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. ચીનના સંદર્ભમાં, તેમણે ઓક્ટોબર ૨૦૨૪ પછી બનેલી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો, જેમાં તિબેટમાં પર્વત કૈલાશ યાત્રા માર્ગનું ઉદ્ઘાટન પણ સામેલ છે. તેમણે કહ્યું, ×ચીન સાથે આપણો ખૂબ જ અનોખો સંબંધ છે કારણ કે આપણે દુનિયાના બે જ દેશો છીએ જેની વસ્તી બે અબજથી વધુ છે. આપણે એવો સંબંધ ઈચ્છીએ છીએ જેમાં આપણા હિતોનું સન્માન કરવામાં આવે, સંવેદનશીલતાને માન્યતા આપવામાં આવે અને તે આપણા બંને માટે કાર્ય કરે. પાકિસ્તાન વારંવાર કાશ્મીર મુદ્દો ઉછાળે છે તેનું નિરાકરણ ક્યારે આવશે.'પીઓકે મળ્યા પછી કાશ્મીર મુદ્દો ઉકેલાઈ જશે', જયશંકરે કહ્યું- પાકિસ્તાને અમારો ભાગ પાછો આપવો જોઈએ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિસ્તારથી કહ્યું કે જો પાકિસ્તાન પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) ખાલી કરે તો કાશ્મીર મુદ્દો સંપૂર્ણપણે ઉકેલાઈ જશે. પ્રશ્ન એ હતો કે શું વડા પ્રધાન નરેન્દ્ર મોદી કાશ્મીર મુદ્દાને ઉકેલવા માટે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના તેમના સંબંધોનો ઉપયોગ કરી શકે છે. ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર હાલમાં યુકેના પ્રવાસે છે અને તેમણે લંડનમાં એક કાર્યક્રમમાં કંઈક એવું કહ્યું જે ચોક્કસપણે પાકિસ્તાનને નારાજ કરી શકે છે. બુધવારે લંડનમાં એક સ્વતંત્ર નીતિ સંસ્થા, ચેથમ હાઉસ ખાતે જ્યારે વિદેશ મંત્રીને કાશ્મીર મુદ્દા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે ડૉ. એસ. જયશંકરે કહ્યું કે જો પાકિસ્તાન પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) ખાલી કરે તો કાશ્મીર મુદ્દો સંપૂર્ણપણે ઉકેલાઈ જશે. વધુમાં કહ્યું કે કાશ્મીરમાં અમે તેના મોટાભાગના મુદ્દાઓના ઉકેલમાં સારું કામ કર્યું છે. મને લાગે છે કે કલમ ૩૭૦ દૂર કરવી એ એક પગલું હતું. પછી, કાશ્મીરમાં વિકાસ, આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાય પુનઃસ્થાપિત કરવો એ બીજું પગલું હતું. ચૂંટણી યોજવી, જેમાં ખૂબ જ ઊંચું મતદાન જોવા મળ્યું, તે ત્રીજું પગલું હતું. મને લાગે છે કે આપણે જે ભાગની રાહ જોઈ રહ્યા છીએ તે કાશ્મીરના તે ભાગની પરત ફરવાનો છે જે ગેરકાયદેસર પાકિસ્તાની કબજા હેઠળ છે. જ્યારે આવું થશે, ત્યારે હું તમને ખાતરી આપું છું કે કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવી જશે. પ્રશ્ન એ હતો કે શું વડા પ્રધાન નરેન્દ્ર મોદી કાશ્મીર મુદ્દાને ઉકેલવા માટે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના તેમના સંબંધોનો ઉપયોગ કરી શકે છે. આ પહેલા નવી દિલ્હી સ્થિત દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજના વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન, વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે (PoK) વિશે એટલું જ કહી શકું છું કે સંસદમાં એક ઠરાવ છે, આ દેશનો દરેક રાજકીય પક્ષ એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે (PoK), જે ભારતનો ભાગ છે, તે ભારતમાં પાછો આવે. આ આપણી રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા છે. ચીન અને ભારત વચ્ચેનો અનોખો સંબંધ તે જ સમયે, ભારત ચીન સાથે કેવા પ્રકારના સંબંધો ઈચ્છે છે ? આ પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે આપણો ખૂબ જ અનોખો સંબંધ છે. દુનિયામાં આપણે બે જ દેશ છીએ જેની વસ્તી એક અબજથી વધુ છે. અમારા બંનેનો ઈતિહાસ ખૂબ જૂનો છે, જેમાં સમય જતાં ઉતાર-ચઢાવ આવ્યા છે. બંને દેશો ઉપર તરફ આગળ વધી રહ્યા છે તેમણે કહ્યું કે આજે બંને દેશો ઉપર તરફ આગળ વધી રહ્યા છે અને આપણે સીધા પડોશી પણ છીએ. પડકાર એ છે કે જેમ જેમ કોઈ દેશ વિકાસ પામે છે તેમ તેમ તેનું વિશ્વ અને તેના પડોશીઓ સાથેનું સંતુલન બદલાય છે. જ્યારે આટલા કદ, ઈતિહાસ, જટિલતા અને મહત્વના બે દેશો સમાંતર રીતે આગળ વધે છે, ત્યારે તેઓ અનિવાર્યપણે એકબીજા સાથે સંપર્ક કરે છે. જયશંકરે કહ્યું કે મુખ્ય મુદ્દો એ છે કે સ્થિર સંતુલન કેવી રીતે બનાવવું અને સંતુલનના આગલા તબક્કામાં સંક્રમણ કેવી રીતે કરવું. આપણે એક એવો સ્થિર સંબંધ ઈચ્છીએ છીએ જ્યાં આપણા હિતોનું સન્માન થાય, આપણી સંવેદનશીલતાને માન્યતા મળે અને જ્યાં તે આપણા બંને માટે કાર્ય કરે. આ ખરેખર આપણા સંબંધોમાં મુખ્ય પડકાર છે.ભારત માટે સરહદ એક મહત્વપૂર્ણ પાસું છે - જયશંકર તેમણે વધુમાં કહ્યું કે ભારત માટે સરહદ એક મહત્વપૂર્ણ પાસું છે. છેલ્લા ૪૦ વર્ષોથી, એવી માન્યતા રહી છે કે સંબંધોને વધારવા માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જરૂરી છે. જો સરહદ અસ્થિર હોય, શાંતિપૂર્ણ ન હોય, અથવા શાંતિનો અભાવ હોય, તો તે ચોક્કસપણે આપણા સંબંધોના વિકાસ અને દિશાને અસર કરશે.

## શબ્દ સંજોગ-૧૯૬૨



**આડી ચાવી :**
(૧) વસ્ત્રની અંદર રહેલું કપડાનું પડ (૩)
(૪) એક પક્ષી (૪)
(૮) રેમન, જૈમિની, ગોલ્ડન વગેરે શું ? (૪)
(૧૦) આ તો ગમે ત્યારે ઘરે આવી ચડે (૪)
(૧૨) એ જ લોકો...... બને છે, જેમને પોતાના પર વિશ્વાસ હોય. (૩)
(૧૫) એક ચોઘડિયું (૨)
(૧૭) સૌરાષ્ટ્રની એક નદી (૩)
(૧૯) નાનો દડો (૨)
(૨૧) વન, સંતાપ (૨)
(૨૩) રમવું તે, પતિ (૩)
(૨૪) માખણ (૪)
(૨૭) ઘોર નિંદ્રા (૩)
(૨૮) ....શિવ એટલે હંમેશા કલ્યાણકારી (૨)
(૩૦) ખરાબ ન હોય તેવી (૨)
(૩૧) પાસે (૨)
(૩૩) ભગવાન શ્રી કૃષ્ણનું એક નામ (૪)
(૩૪) ભવિષ્ય કથન (૪)

**ઉભી ચાવી :**
(૧) ....ઉચ્ચારનારને કોઈ મિત્ર મળતો નથી, પુણ્ય કે યશ પણ મળતા નથી. (૩)
(૨) થર, વડ (૨)
(૩) ઘરેણું, મોટી સંખ્યામાં નાણું (૩)
(૫) ઘાંટો, બરાડો (૨)
(૬) 'હેતલ' થઈ આડી-અવળી (૩)
(૭) લક્ષ્મી, સુંદર સ્ત્રી (૨)
(૯) હૂંક,આશ્રય (૩)
(૧૧) પહેલું સુખ તે જાતે ..... (૨)
(૧૩) રોકડું, સંગીન (૩)
(૧૪) માન સહિત (૩)
(૧૬) ચંદ્રનો પ્રકાશ (૩)
(૧૮) ખેલ, ક્રિડા (૩)
(૨૦) રાત્રે દસ પછી લેવાતું ભોજન (અંગ્રજીમાં) (૩)
(૨૨) ..... કે રખવાલે (૩)
(૨૫) સંત કબીર આ જાતિના હતા (૪)
(૨૬) ઔષધિઓમાં આથો લાવી તૈયાર કરાતું પેય (૩)
(૨૭) સુરતની પ્રખ્યાત ધારી (૨)
(૨૯) ...... એ પરિગ્રહનું પ્રાયશ્ચિત છે એટલે તેમાં અભિમાન માટે અવકાશ નથી. (૨)
(૩૦) પત્નીની બહેન (૨)
(૩૨) આગેવાન (૨)

## શબ્દ સંજોગ-૧૯૬૧ જવાબ

**આડી ચાવી:** (૧) ઘન (૩) સોમ (૫) જાવક (૭) કુલી (૮) ગજર (૧૦) વાલ (૧૨) શાંત (૧૩) હેમંત (૧૬) નલીન (૧૮) રમજાન (૨૦) બાફ (૨૧) ભલે (૨૪) સાર (૨૫) બાર (૨૬) મન (૨૭)દામણ (૨૯) મલ (૩૦) સનમ (૩૧) ભાઉ.
**ઉભી ચાવી:** (૧) નકુલ (૪) મગ (૫) જાર (૬) કરતલ (૯) જર (૧૦) વામન (૧૧) ત્રમં (મંત્ર) (૧૩) હેન (૧૪) તરફ (૧૫) ધજા (૧૭) લીલા (૧૯) નભ (૨૦) બારદાન (૨૧) લેબલ (૨૩) કમળ (૨૫) બાણ (૨૮) મમ (૨૯) મઉ.

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૩૧ |
| તુવેર | ૧૧૭૫ | ૧૪૯૧ |
| ચણા પીળા | ૧૦૧૦ | ૧૦૬૮ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૯૮૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૫૦ |
| મગ | ૧૧૨૦ | ૧૮૮૦ |
| વાલ દેશી | ૭૬૦ | ૧૧૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૪૦૧ |
| વટાણા | ૧૦૮૫ | ૧૮૭૦ |
| કળથી | ૬૮૬ | ૬૮૬ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૨૫ |
| તલી | ૧૭૦૦ | ૨૦૬૦ |
| સુરજમુખી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૨૦૧ | ૧૨૩૮ |
| અજમો | ૧૬૦૦ | ૨૨૧૦ |
| સોયાબીન | ૭૨૦ | ૭૮૨ |
| સીંગફાડા | ૧૦૪૫ | ૧૩૧૫ |
| કાળા તલ | ૩૭૦૦ | ૫૬૫૬ |
| વરીયાળી | ૧૧૬૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૧૧૫ |
| રાય | ૧૦૩૦ | ૧૩૨૩ |
| મેથી | ૯૫૦ | ૧૨૩૨ |
| અશેરીયો | ૯૫૦ | ૧૨૦૬ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| તકેરી કાચી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૨૦૦ |
| તરબુચ | ૨૨૦ | ૪૩૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૪૮૫ |
| ટમેટા | ૬૦ | ૧૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૪૦૦ | ૫૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૪૦ | ૨૪૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૨૦૦ | ૧૮૫૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૨૧૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૦૫૧ | ૧૪૬૬ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૫૨ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૫૨ | ૧૦૫૨ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૭૯ |
| શિંગદાણા ફાડા | ૧૦૩૦ | ૧૨૯૬ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૧૬૯ |
| તલ કાળા | ૩૨૦૦ | ૪૯૨૦ |
| જુવાર | ૪૮૦ | ૮૬૪ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૨૫ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૬૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ચણા દેશી | ૧૦૬૦ | ૧૧૬૬ |
| તુવેર | ૧૦૯૦ | ૧૪૨૬ |
| કપાસ | ૯૦૦ | ૧૪૬૧ |
| એરંડા | ૧૧૭૧ | ૧૨૧૮ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૯૦ |
| રાયડો | ૯૨૦ | ૧૦૪૩ |
| ધાણા | ૯૭૫ | ૧૮૩૦ |
| ધાણી | ૯૦૦ | ૨૮૩૮ |
| અજમા | ૯૭૦ | ૧૯૪૦ |
| સોયાબીન | ૬૧૫ | ૭૧૨ |
| મરચા લાંબા | ૩૦૦ | ૫૦૩૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૪૦ | ૩૧૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૩૦ | ૧૭૦ |
| કોબીજ | ૭૦ | ૯૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૮૦ | ૧૩૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૦૦ |
| દૂધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૫૨૦ |
| મુળા | ૨૦૦ | ૨૬૦ |
| કાકડી | ૧૧૦ | ૩૧૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૧૫૦ | ૨૦૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળાલીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૧૦ | ૮૧૦ |
| શકકરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૪૧૦ | ૫૧૦ |
| ભીંડો | ૬૪૦ | ૮૪૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૫૦ |
| મેથીભાજી | ૫૨૦ | ૬૨૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૩૧૦ | ૫૧૦ |
| બીટ | ૧૦૦ | ૧૫૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૨૭૦ | ૩૭૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| મરચા લાલા | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૧૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણ લીલુ | ૪૦૦ | ૫૦૦ |
| લસણ સુકુ નવુ | ૬૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૧૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૫૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ---- |
| જીરૂ | ૩૩૦૦ | ૪૩૧૦ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૦ |
| બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| જુવાર | ૪૫૦ | ---- |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૫ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૩૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૧૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૮૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૧૯૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૨૬૬ |
| સોયાબીન | ૬૫૦ | ૭૫૦ |
| રાય | ૧૦૦૧ | ૧૦૦૧ |
| રાય રાયડો | ૧૦૯૦ | ---- |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૦ |
| કપાસ મીડીયમ | ૧૧૧૦ | ૧૩૬૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૩૨ | ૧૦૫૦ |
| મગફળી બી.ટી. | ૯૭૪ | ૧૦૦૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૬૦ |
| ચણા | ૧૦૪૮ | ૧૦૬૦ |
| તુવેર | ૧૨૩૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૬૪૦ | ૩૯૯૦ |
| ધાણા | ૧૨૯૦ | ૧૬૫૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૬૦૪ | ૬૧૫ |
| ચણા | ૯૩૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૪૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જુવાર | --- | --- |
| અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૬ | ૧૪૨૫ |
| મગફળી | ૮૭૬ | ૮૭૬ |
| ઘઉં | ૫૩૦ | ૫૫૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૨૯ |
| સફેદ તુવેર | ૧૨૦૦ | ૧૩૭૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૭૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૪૫૨ |
| ચણા | ૧૦૨૨ | ૧૦૫૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૩૭૧ |
| ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| રાય | ૧૦૦૧ | ૧૦૦૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૦૮૬ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૩૩ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૦ | ૬૦૨ |
| ઘઉં | ૪૩૦ | ૬૦૦ |
| રાઈ | ૯૧૧ | ૧૧૩૨ |
| રાયડો | ૮૦૦ | ૯૯૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૧૪ |
| જુવાર | ૫૦૦ | ૯૫૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૯૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૩૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| કાંગ | ૪૮૦ | ૫૫૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૬ | ૧૪૨૯ |
| કપાસ સી ગ્રેડ | ૪૩૧ | ૯૩૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૦૦૦ | ૧૦૪૩ |
| શીંગ ૩૯ | ૯૪૦ | ૧૦૬૪ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૬ | ૧૧૨૧ |
| શીંગ મોટી | ૧૧૩૮ | ૧૧૭૭ |
| જુવાર | ૩૯૧ | ૮૫૫ |
| બાજરી | ૪૦૧ | ૬૧૩ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૫૨ |
| અડદ | ૮૫૫ | ૧૧૪૦ |
| મગ | ૧૬૩૦ | ૧૬૩૦ |
| સોયાબીન | ૭૨૪ | ૭૪૦ |
| ચણા | ૯૩૫ | ૧૦૪૭ |
| ચણા દેશી | ૯૮૫ | ૧૦૭૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૦૫ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૪૨ |
| ડુંગળી ગુલાબી | ૧૭૨ | ૪૭૯ |
| ડુંગળી સફેદ ડી. | ૨૧૯ | ૨૬૮ |
| ડુંગળી સફેદ | ૨૭૦ | ૩૯૦ |
| નાળીયેર | ૬૦૦ | ૩૦૮૬ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૦૦ | ૧૦૬૦ |
| તાલ સફેદ | ૧૮૦૦ | ૨૦૫૧ |
| તલ પીળા | ૨૨૭૧ | ૨૩૪૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૦ |
| બાજરો | ૪૬૦ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| જુવાર | ૭૩૦ | ૯૬૮ |
| મઠ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ચણા | ૯૬૯ | ૧૦૩૮ |
| રાય | ૧૨૬૧ | ૧૨૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મેથી | ૧૧૪૧ | ૧૧૪૧ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |


★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાતમાં આગામી ૪ દિવસ મહત્તમ તાપમાનમાં ઘટાડો થશે! લોકોને ગરમીથી રાહત મળશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૬

આગામી ૪ દિવસ દરમિયાન અમદાવાદ સહિત રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે, જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. તાપમાનમાં આ ઘટાડાથી લોકોને ગરમીથી થોડી રાહત મળવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગે ગરમીથી આંશિક



રાહત મળવાની આગાહી કરી છે. ઉપરાંત, દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૫ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હોવાથી, માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૪૮ કલાક દરમિયાન રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી પણ કરી છે. આનું મુખ્ય કારણ એ છે કે હાલમાં ગુજરાત રાજ્ય પર ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યા છે અને ગયા અઠવાડિયા દરમિયાન ઉત્તર ભારતના પ્રદેશોમાં ભારે હિમવર્ષા થઈ હતી અને ગુજરાતમાં પણ તે જ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગના ડિરેક્ટર ડૉ. એ.કે. દાસના જણાવ્યા મુજબ, હાલમાં ગુજરાત રાજ્યમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યા છે અને તાજેતરમાં પશ્ચિમી વિક્ષેપ પસાર થવાને કારણે, આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો થશે, એટલે કે ગરમીથી રાહત મળવાની શક્યતા છે.

# રીલ્સ બનાવવાના ચક્કરમાં અમદાવાદમાં વાસણા બેરેજ નજીક કાર નહેરમાં પડી: બેના મોત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૬

અમદાવાદના વાસણા બેરેજ નજીકથી પસાર થતી ફતેવાડી નહેર પાસે રીલ બનાવવા ગયેલા એક સગીર અને બે યુવક સહિત સ્કોર્પિયો કાર નહેરમાં પડી ગઈ. ગુરુવારે વહેલી સવારે ગુમ થયેલા યક્ષ અને યશ સોલંકીના મૃતદેહ શાસ્ત્રી બ્રિજના છેડે વિશાલા તરફ નદીમાંથી મળી આવ્યા હતા. જ્યારે પોલીસ અને ફાયર વિભાગ હજુ પણ ગુમ થયેલા ક્રિશ દવેને શોધી



રહ્યા છે. ગુમ થયેલા ત્રણેયના પરિવારજનો પણ સવારથી જ નહેર પર પહોંચી ગયા હતા અને તેમના બાળકોને જલ્દી શોધવા માટે ફાયર વિભાગ અને પોલીસની મદદ માંગી રહ્યા હતા. દરમિયાન, ગઈકાલ સાંજથી ગુમ થયેલા યક્ષનો મૃતદેહ બપોરે ૩ વાગ્યે મળી આવતા તેના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. થોડા સમય પછી, યશ સોલંકીનો મૃતદેહ પણ તરતો મળી આવ્યો હતો. જ્યારે ક્રિશ દવેની શોધ હજુ ચાલુ છે. નહેરમાં ગુમ થયેલા યક્ષના પરિવારના સભ્યોએ જણાવ્યું કે તે તેના મિત્રોને મળવા ગયો હતો અને તેના નિયમિત સમયપત્રક મુજબ સાંજે રમવા ગયો હતો. મને ખબર નથી કે તે તેના મિત્રો સાથે આવ્યો હતો કે નહીં. મારા દીકરાને ગાડી ચલાવતા આવડતી નથી, મારો દીકરો ૧૭ વર્ષનો છે અને ભણતો હતો.

# આજે જન ઔષધિ દિવસ: સસ્તી દવાઓને લઈ દેશમાં ક્રાંતિ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નાગરિકોને મળતી સસ્તી દવાઓ**

ગાંધીનગર,તા.૦૬

૭ મી માર્ચ જન ઔષધિ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવાય છે. આજના યુગમાં આરોગ્ય અને દવાઓનો ખર્ચ સામાન્ય નાગરિકો માટે ચિંતાનું કારણ બન્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોને ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે ઉપલબ્ધ કરાવવા જન ઔષધિ કેન્દ્ર આશીર્વાદરૂપ છે. જે માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (PMBJP) શરૂ કરાઈ છે. જેના પરિણામે સસ્તી દવાઓ દ્વારા દેશમાં આરોગ્ય ક્રાંતિ આવી છે. આ યોજનામાં કેન્દ્ર સરકારે ફ્રેન્ચાઈઝી મોડલ આપનાવ્યું છે જેમાં સંસ્થા અથવા વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો દ્વારા જન ઔષધિ કેન્દ્ર ખોલવામાં આવે છે. જેના ફળશ્રુતિરૂપે છેલ્લા ૧૦ વર્ષમાં, કેન્દ્રોની સંખ્યામાં ૧૮૦



ગણો વધારો થયો છે અને વેચાણમાં પણ ૨૦૦ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં માત્ર ૮૦ કેન્દ્રો હતા અને તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીની સ્થિતિએ સમગ્ર દેશમાં ૧૫,૦૦૦ જન ઔષધિ કેન્દ્રો અને પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટી શ્રેણીમાં ૭૧૯ જન ઔષધિ કેન્દ્રો કાર્યરત છે. જ્યારે ગુજરાતમાં ૭૫૦ થી વધું કેન્દ્રો સેવારત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના છેવાડાના નાગરિકોને પણ ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે મળી રહે તે માટે નિરંતર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સાથોસાથ ગુણવત્તા ફક્ત ઊંચી કિંમતનો પર્યાય છે તેવી ધારણાને જડમૂળથી ખત્મ કરવા તેમજ નવા જન ઔષધિય કેન્દ્ર ખોલવા નાગરિકોને પ્રોત્સાહન પણ આપવામાં આવી રહ્યું છે. ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, PMBJP રૂ. ૧,૪૭૦ કરોડનું વેચાણ કર્યું છે. જેના કારણે નાગરિકોને આશરે ૭,૩૫૦ કરોડ રૂપિયાની બચત થઈ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, PMBJPમાં તા. ૩૧.૦૧.૨૦૨૫ સુધીમાં રૂ. ૧,૬૦૬ કરોડ (એમઆરપી પર)નું વેચાણ કર્યું છે. આ ઉમદા યોજનાના પરિણામે નાગરિકો માટે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ શક્ય બન્યું છે.

# કોડીનાર નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી

કોડીનાર, તા.૦૬

છેલ્લા અઢી વર્ષથી કોડીનાર નગરપાલિકામાં વહીવટદારના શાસન બાદ તાજેતરમાં યોજાયેલ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૪ બેઠકો બિનહરીફ જીતીને તમામ ૨૮ બેઠકો કબજે કરી ભગવો લહેરાવ્યો હતો. જોકે, છેલ્લા ત્રણ દાયકાથી આ પાલિકા પર ભાજપનું શાસન છે અને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીનું વર્ચસ્વ છે. પાલિકાના પ્રમુખ-ઉપ પ્રમુખની



ચૂંટણી તમામ સભ્યોની હાજરીમાં ઉનાના ડેપ્યુટી કલેક્ટર કૌશિક પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પાલિકાના પ્રમુખ તરીકે અબીદાખાતુંન અહેસાનહૈદર નકવી અને ઉપપ્રમુખ તરીકે પ્રતાપસિંહ ઉર્ફે શીવાભાઈ હમીરભાઈ સોલંકી અને કારોબારી ચેરમેન તરીકે વિવેકભાઈ મનુભાઈ મેરનું મેન્ડેટ રજૂ થયું હતું.

# ગોંડલમાં ૧.૭૫ લાખથી ૨ લાખ ગુણી ધાણાની આવક નોંધાઈ

ગોંડલ, તા.૦૬

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની વિપુલ પ્રમાણમાં આવક નોંધાઈ હતી. હોળીના પર્વ પહેલા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં અંદાજે ૧.૭૫ લાખ થી ૨ લાખ ગુણી ધાણાની આવક નોંધાઈ હતી. યાર્ડની બહાર બન્ને બાજુ ૧૮૦૦થી ૨૦૦૦ વાહનોની ૬ થી ૭ કિ.મી. લાંબી લાઈનો લાગી હતી. હરાજીમાં ધાણાના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૯૦૦/- થી ૨૧૫૦/- સુધી બોલાયા હતા. જ્યારે ધાણીનો ૨૦ કિલોનો




ભાવ રૂપિયા ૧૦૦૦/- થી ૩૦૦૦ સુધીનો બોલાયો હતો. બીજી જાહેરાત ના કરવામાં આવે ત્યાં સુધી ધાણાની આવક બંધ કરવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાનો માલ વેચવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે.

# ભાવનગર શહેરમાંથી રૂ.૭૫ લાખની સનસનીખેજ લૂંટ, પોલીસે તપાસ શરૂ કરી

ભાવનગર,તા.૦૬

ભાવનગરમાં રૂપિયા ૭૫ લાખની લૂંટના CCTV સામે આવ્યા છે. શહેરના ચિત્રા વિસ્તારમાં લૂંટની ઘટના બની હતી. યાકુબ નામના વ્યક્તિ પાસેથી ૩ જેટલા અજાણ્યા શખ્સો થેલો ઝુંટવી ફરાર થઈ જતાં શહેર પોલીસે તપાસ શરૂ કરી હતી. ભાવનગર શહેરમાં ચિત્રા વિસ્તારમાં રૂપિયા ૭૫ લાખ રૂપિયાની લૂંટ થતાં ચકચાર મચી







ગઈ હતી. યાકુબ નામના વ્યક્તિ બેંકમાંથી પૈસા લઈને નીકળ્યા ત્યારે પૈસાનો થોલો ઝુંટવી ૩ જેટલા અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. લૂંટ થતાં ભાવનગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી તેમજ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. એસપી સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ફરિયાદીના નિવેદનમાં વિસંગતતા જણાતા પોલીસે ઊંડી પૂછપરછ હાથ ધરી છે. સમગ્ર લૂંટના સીસીટીવી દશ્યો સામે આવતાં તે દિશામાં તપાસ હાથ ધરી છે. કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના કોટડા નવાવાસમાં નિલકંઠ જ્વેલર્સના વેપારી નિલેશ સોનીને લૂંટારાઓએ છરી મારી દાગીના ભરેલી બેગ લૂંટી રફુચક્કર થઈ ગયા હતા.

# સમૃધ્ધ ગુજરાતમાં ૭૬ લાખ પરિવાર મફત અનાજ ઉપર નિર્ભર

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૬

ગુજરાતની ઓળખ દેશમાં સમુદ્ધ રાજ્ય તરીકે થઈ છે. એટલું જ નહીં, ગુજરાત મોડેલ દેશના અન્ય રાજ્યો પણ અપનાવી રહ્યાં છે તેવો પણ વારંવાર દાવો કરવામાં આવે છે. ત્યારે હકીકત એ છે કે, વાઈબ્રન્ટ ગુજરાતમાં ગરીબી હવે ચરમસીમાએ પહોંચી છે. ખુદ ગુજરાત સરકારે જ જાહેર કર્યું છે કે, ૭૬ લાખ કુટુંબો મફત અનાજ મેળવે છે. લાખો લોકો દારૂણ પરિસ્થિતીમાં જીવી રહ્યાં છે. બે ટંક ખાવાના ફાંફા છે ત્યારે અડધું ગુજરાત મફત અનાજ મેળવવા મજબૂર બન્યુ છે. કમનસીબી એ છે કે, રાજ્ય સરકાર લાજવાને બદલે આ સ્થિતીને સિદ્ધિ ગણાવી રહી છે. રાજ્યમાં અનેક સરકારી યોજના અમલમાં છે. દર વર્ષે સરકાર લાખો કરોડો રૂપિયા સરકારી યોજના પાછળ વાપરી રહી છે તેમ છતાંય ગરીબીએ જાણે ગુજરાતનો પીછો છોડ્યો નથી. રાજ્ય સરકારના જ આંકડા મુજબ, છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાં ૧૩૫૯ ગરીબ પરિવારો વધ્યાં છે.

# જામકંડોરણા ગામ ખાતે દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ધોરાજી, તા. ૦૬

જામકંડોરણા ખાતે જિલ્લા વહીવટી તંત્ર આયોજિત પીજીવીસીએલ તેમજ એલીમ્કો કંપનીના સૌજન્યથી કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. સમારોહના અધ્યક્ષ સ્થાને ભારત સરકારના મંત્રી મનસુખભાઈ માંડવીયા તેમજ જેતપુરના





ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ડેપ્યુટી કલેક્ટર ધોરાજી તેમજ ચંદુભા ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દિવ્યાંગોને સાધન સહાય ભારત સરકારના મંત્રી મનસુખભાઈ માંડવીયા તેમજ જયેશભાઈ રાદડિયાના વરદ હસ્તે આપવામાં આવી હતી.

# ઉનાના આમોદ્રાની કુમાર પે સેન્ટર શાળામાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ઉના, તા.૦૬

શ્રી ધર્મભક્તિ લોક વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ અને GUJCOSTના સંયુક્ત ઉપક્રમે ઉના તાલુકાની આમોદ્રા




કુમાર પે. સેન્ટર શાળામાં ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું આયોજન કરાયું હતું. આ દિવસે ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓએ વિવિધ વિષય પર ૬૫ અવનવી વિજ્ઞાનની કૃતિઓનું પ્રદર્શન કર્યું હતું. આ તકે ઉના તાલુકાના બીઆરસી કોઓર્ડીનેટર ચંદ્રેશભાઈ ડાભી, સીઆરસી કોઓર્ડીનેટર અમનભાઈ મોરી, શાળાના આચાર્ય અને સમગ્ર સ્ટાફ દ્વારા આ આયોજનને પ્રેરણા બળ પૂરું પાડ્યું હતું.

# ભરૂચના વાલિયામાં બંધ મકાનમાંથી શિક્ષક દંપતીના મૃતદેહ મળતા ચકચાર

(એચ.એસ.એલ),ભરૂચ,તા.૬

રાજ્યમાં સતત વધી રહેલા ગુનાખોરીના બનાવો વચ્ચે ભરૂચના વાલિયામાં આવેલા એક બંધ મકાનમાંથી શિક્ષક દંપતીના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આખો દિવસ મકાન બંધ રહેતા સ્થાનિકોને શંકા ગઈ હતી. ત્યારબાદ સોસાયટીના રહીશોએ પોલીસને જાણ કરતાં ઉચ્ચ અધિકારીઓ સાથે પોલીસ



કાફલો ઘટનાસ્થળો દોડી આવ્યો હતો. દંપતીની હત્યા કરવામાં આવી છે કે આત્મહત્યા કરી છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વાલિયાની ગણેશ ગાર્ડન સોસાયટીમાં આવેલા એક મકાનમાં શિક્ષક દંપતીની લાશ મળી આવતાં હાહાકાર મચી જવા પામ્યો છે. શિક્ષક દંપતીનું મકાન આખો દિવસ બંધ રહેતાં સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.


## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૯/૨૦૨૫

**અરજદાર** :- શ્રી દેસાઈ સવિતાબેન લવજીભાઈ
રહે. કમીગઢ તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કમીગઢ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કમીગઢ ગામમાં અરજદારશ્રી દેસાઈ સવિતાબેન લવજીભાઈ તેઓના પુત્ર દેસાઈ દિનેશભાઈ લવજીભાઈની જન્મ (તા.૧૧/૦૩/૧૯૭૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૨૦/૨૦૨૫

**અરજદાર** :- શ્રી ભલાભાઈ ભુરાભાઈ ઝાપડા
રહે. ચાંદગઢ તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચાંદગઢ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં અરજદારશ્રી ભલાભાઈ ભુરાભાઈ ઝાપડા તેઓની પુત્રી ઝાપડા કાજલબેન ભલાભાઈની જન્મ (તા.૦૭/૦૬/૨૦૦૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


# અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીની નિયુક્તિને આવકારતા લાઠી શહેર ભાજપ પ્રમુખ

અમરેલી, તા.૦૬

પ્રદેશ ભાજપ દ્વારા અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ પદે અતુલભાઈ કાનાણીની નિયુક્તિ કરવામાં આવેલ હતી. અમરેલી જિલ્લા ભાજપ



કાર્યાલય ખાતે યોજાયેલ બેઠકમાં અતુલભાઈ કાનાણીની વરણીને સૌએ આવકારી અભિનંદન પાઠવેલ હતા. આ તકે લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોનીએ અતુલભાઈ કાનાણીને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે, આપના નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લા સંગઠન વધુ સશક્ત બની જનસેવામાં નિરંતર કાર્યરત રહેશે તેવો સંપૂર્ણ વિશ્વાસ છે. આપના અનુભવ, કુશળતા અને મહેનત દ્વારા ભારતીય જનતા પાર્ટીના સંગઠનને મજબુત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન બની રહેશે.


## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ.નં.૧૯ / ૨૦૨૫ તા. /૦૧/૨૦૨૫

શ્રી મનસુખભાઈ કાબાભાઈ રૈયાણી,
રહે. પ્રેમપરા, તા.વિસાવદર ........અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી- પ્રેમપરા, તા.વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી મનસુખભાઈ કાબાભાઈ રૈયાણી, રહે. પ્રેમપરા, તા.વિસાવદરએ તેમના માતુ શ્રી કડવીબેન કાબાભાઈ રૈયાણીનું મરણ તા.૧૭/૦૩/૨૦૦૪ ના રોજ વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- પ્રેમપરા, વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- પ્રેમપરા, વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો
આજ તારીખ મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**હુકમથી**
**સહી**
**(એન.બી. લાંઘણોજા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

# કર્ણાટક સરકાર મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને ૪ ટકા અનામત આપવાનો પ્રસ્તાવ લાવશે?

બેંગ્લુરૂ,તા.૦૬

કર્ણાટકમાં મુસ્લિમ અનામત પર ફરી એકવાર રાજકીય પટકથા લખાઈ રહી છે. સિદ્ધારમૈયા સરકાર સરકારી કોન્ટ્રાક્ટમાં મુસ્લિમોને ૪ ટકા અનામત આપવાની તૈયારી કરી રહી છે. આ અનામત કર્ણાટક ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક પ્રોક્યોરમેન્ટ્સ એક્ટમાં સુધારો કરીને લાગુ કરવામાં આવશે. એક વર્ષ પહેલા, વિવાદ અને તુષ્ટિકરણના રાજકારણના આરોપો વચ્ચે સમાન દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી હતી, પરંતુ હવે તેને ફરીથી અમલમાં મૂકવાની રણનીતિ બનાવવામાં આવી છે. ભાજપે મુસ્લિમ અનામતના પ્રસ્તાવનો વિરોધ કરીને તેને તુષ્ટિકરણનું રાજકારણ ગણાવ્યું છે જ્યારે કોંગ્રેસ તેને સામાજિક રીતે પછાત સમુદાયોને ન્યાય આપવાનું પગલું ગણાવી રહી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા મુસ્લિમ અનામત પગલા દ્વારા




અહિંદા (લઘુમતી, પછાત વર્ગ અને દલિતો) નું સમર્થન મેળવવાની યોજના ધરાવે છે. અહિંદા કોંગ્રેસની મુખ્ય વોટબેંક છે. આ જ કારણ છે કે મુસ્લિમ અનામતને લઈને કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ચેકમેટનો ખેલ શરૂ થયો છે. કોંગ્રેસ સરકારે કર્ણાટક ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક પ્રોક્યોરમેન્ટ્સ એક્ટ, ૧૯૯૯માં સુધારો કરીને સરકારી બાંધકામ કાર્યોમાં મુસ્લિમોને ૪ ટકા અનામત આપવાની યોજના બનાવી છે. સિદ્ધારમૈયા સરકારે વિધાનસભાના વતર્માન બજેટ સત્રમાં આ સુધારો લાવવાની રણનીતિ બનાવી છે.

# રાજસ્થાનના સિરોહી જિલ્લામાં કાર-ટ્રોલી વચ્ચે અકસ્માત: ૬ લોકોના મોત

સિરોહી,તા.૦૬

રાજસ્થાનના સિરોહી જિલ્લામાં એક દુઃખદ અકસ્માત થયો હતો. નેશનલ હાઈવે-૨૭ પર એક કાર અને ટ્રોલી વચ્ચે ટક્કર થઈ. આ અકસ્માતમાં દંપતી અને તેમના પુત્ર સહિત છ લોકોના મોત થયા હતા. કારમાં સવાર તમામ સાત લોકો ગુજરાતના અમદાવાદથી જાલોર પરત ફરી રહ્યા હતા. એક મહિલા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી



મુજબ, કારમાં સવાર તમામ સાત લોકો રાજસ્થાનના જાલોર જિલ્લાના રહેવાસી છે. ગુરુવારે સવારે લગભગ ૩ વાગ્યે આબુરોડ વિસ્તારના કિવરલી ખાતે કાર અને ટ્રોલી વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલ લોકોને આબુ રોડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં, ગંભીર રીતે ઘાયલ બે વ્યક્તિઓના મોત થયા હતા. પ્રાથમિક સારવાર બાદ એક મહિલાને ગંભીર હાલતમાં સિરોહી રિફર કરવામાં આવી હતી. આ દુઃખદ અકસ્માતની માહિતી મળતાં માઉન્ટ આબુના ડીએસપી ગોમારામ ચૌધરી અને સદર પોલીસ સ્ટેશનના અધિકારી દર્શન સિંહ પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

# પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી લંડનમાં ઓક્સફર્ડ યુનિ.માં ભાષણ આપશે

કોલકતા,તા.૦૬



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ૨૧ માર્ચે લંડનની મુલાકાત લેશે અને લંડનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં વિદ્યાથીર્ઓને સંબોધિત કરશે. તેઓ કયા વિષય પર ભાષણ આપશે તે હજુ સુધી જાણી શકાયું નથી. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે કોલકાતાની એક શૈક્ષણિક સંસ્થામાં ભાષણ આપતી વખતે મમતા બેનર્જીએ જાહેરાત કરી હતી કે તેમને ઓક્સફર્ડ યુનિવર્સિટી અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ વખતે મમતાએ ઓક્સફર્ડ યુનિવર્સિટીના આમંત્રણનો સ્વીકાર કર્યો છે અને તેઓ ૨૧ માર્ચે વિદેશ પ્રવાસ પર જશે. તે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાંની એક ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભાષણ આપશે.

# અમેરિકા બાદ હવે યુકેમાંથી પણ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવશે

જલધર,તા.૦૬

અમેરિકા બાદ હવે યુકેમાંથી પણ દેશનિકાલની તૈયારીઓ ચાલી રહી છે. યુકેની લેબર સરકારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર મોટા પાયે કાયર્વાહી શરૂ કરી છે. આ ઝુંબેશ ખાસ કરીને ભારતીય રેસ્ટોરાં, નેઈલ બાર, કરિયાણાની દુકાનો અને કાર ધોવા જેવા નાના વ્યવસાયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તાજેતરમાં ૮૨૮ સ્થળોએ દરોડા



પાડવામાં આવ્યા હતા. આમાં ૬૦૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા મોટાભાગના પંજાબી છે, જેઓ અભ્યાસ અથવા પ્રવાસી વિઝા પર યુકે ગયા હતા. વિઝાની મુદત પૂરી થયા પછી તે યુકેમાં ગેરકાયદેસર રીતે રહેતા હતા. ઉત્તર ઈંગ્લેન્ડના હમ્બરસાઈડમાં એક ભારતીય રેસ્ટોરન્ટમાં દરોડા પાડીને સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ચારને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. લેબર સરકાર સત્તામાં આવી ત્યારથી લગભગ ૧૯,૦૦૦ વિદેશી ગુનેગારો અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે. આમાં પણ મોટાભાગના પંજાબીઓ છે.

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હોળી મિલન કાર્યક્રમ માટે મંજૂરી ન મળતા વિવાદ વધ્યો

અલીગઢ,તા.૦૬

ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાં સ્થિત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હોળી મિલન કાર્યક્રમ માટે પરવાનગી ન મળવાને કારણે વિવાદ ઉભો થયો છે. યુનિવર્સિટી કેમ્પસમાં રહેતા હિન્દુ વિદ્યાર્થીઓએ ૯ માર્ચે એએમયુ ક્લબમાં હોળી મિલન કાર્યક્રમ યોજવાની પરવાનગી માંગી હતી, જેને યુનિવર્સિટી વહીવટીતંત્રે મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હતો. એએમયુએ કહ્યું કે તેઓ કેમ્પસમાં કોઈ નવી પરંપરા શરૂ કરવાની મંજૂરી આપી શકતા નથી અને વિદ્યાર્થીઓ દર વર્ષે જે રીતે હોળી ઉજવવામાં આવે છે તે જ રીતે હોળી ઉજવી શકે છે. એએમયુ પ્રશાસને કહ્યું કે આ માટે કોઈ અલગ પરવાનગીની જરૂર નથી. યુનિવર્સિટી પ્રશાસનના નિર્ણય પર રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. ભાજપના નેતા અને ભૂતપૂર્વ મેયર શકુંતલા ભારતીએ કહ્યું કે જો એએમયુમાં હોળીના કાર્યક્રમોને મંજૂરી આપવામાં નહીં આવે, તો ઈદ પણ ઉજવવામાં આવશે નહીં.

# લંડનમાં ખાલિસ્તાની સમર્થકોનો એસ. જયશંકરની કાર પર હુમલો, તિરંગો ફાડ્યો

લંડન,તા.૦૬

લંડનમાં ખાલિસ્તાની સમર્થકોએ ભારતના વિદેશમંત્રી એક જયશંકરની કાર પર હુમલો કરવાની કોશિશ કરી હતી. આ ઘટના ત્યારે ઘટી જ્યારે તેઓ એક પ્રોગ્રામમાં ભાગ લીધા બાદ કારમાં સવાર થઈને જઈ રહ્યા હતા. એક વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે એક વ્યક્તિ દોડીને તેમની કાર પાસે પહોંચ્યો અને ભારતીય ઝંડાને ફાડી નાખ્યો. વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે કઈ રીતે હુમલાખોર ઝડપથી ભાગીને વિદેશમંત્રીની કાર સામે આવીને ઊભો રહી જાય છે અને તિરંગો ફાડી નાખે છે. જો કે ત્યાં હાજર સિક્યુરિટી કર્મચારી પકડી લે છે. જયશંકર ૪થી ૯ માર્ચ સુધી બ્રિટનના પ્રવાસે છે. આ દરમિયાન તેઓ બ્રિટનના વિદેશમંત્રી ડેવિડ લેમી અને અન્ય અધિકારીઓ સાથે



મુલાકાત કરશે. આ પ્રવાસનો હેતુ ભારત-બ્રિટન રણનીતિક ભાગીદારી મજબૂત કરવાનો છે. જેમાં વેપાર, સ્વાસ્થ્ય, શિક્ષણ, રક્ષા સહયોગ અને આપસી સંબંધો પર ચર્ચા થશે. બ્રિટન બાદ તેઓ ૬થી ૭ માર્ચ સુધી આયરલેન્ડ જશે. અહીં તેઓ વિદેશ મંત્રી સાઈમન હેરિસને મળશે અને ભારતીય સમુદાયના લોકો સાથે વાતચીત કરશે. વિદેશમંત્રી એસ જયશંકરે લંડનના ચાથમ હાઉસ થિંક ટેંકમાં ભારતના ઉદય અને વિશ્વમાં તેની ભૂમિકા વિષય પર બોલતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

# કાશ્મીરમાં હિમવર્ષાથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું, અનેક માર્ગો સંપૂર્ણ બંધ રહ્યા

જમ્મુ,તા.૦૬

કાશ્મીરમાં બરફવર્ષા થઈ રહી છે. પર્વતીય વિસ્તારો બરફથી ઢંકાઈ ગયા છે. કાશ્મીર ખીણના પહાડી વિસ્તારોમાં હિમવર્ષાને કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. હવામાન વિભાગ શ્રીનગરના જણાવ્યા અનુસાર, ૯ માર્ચ સુધી હવામાન શુષ્ક રહેશે. આ પછી, ૧૦ થી ૧૨ માર્ચની વચ્ચે ફરીથી વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે.




બરફવર્ષાને કારણે બાંદીપોરા-ગુરેઝ રોડ, શ્રીનગર-કારગિલ હાઈવે સહિત ઘણા માર્ગો બંધ રહ્યા. ખીણના મોટાભાગના ભાગોમાં બપોર સુધી વરસાદ ચાલુ રહ્યો હતો. જમ્મુ વિભાગના રાજૌરીમાં પણ ગાજવીજ સાથે ભારે વરસાદ પડ્યો હતો. વિભાગના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સ્વચ્છ રહ્યું હતું. હવામાન વિભાગના શ્રીનગરના અધિકારીએ જણાવ્યું હતું કે કાશ્મીરના ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ, કોકરનાગ, કુપવાડા, રાજધાન પાસ, ઝોજીલા પાસ અને બારામુલ્લાના કેટલાક ભાગોમાં બરફ પડ્યો છે. આના કારણે ઘણા હાઈવે પર ટ્રાફિક પ્રભાવિત થાય છે. બાંદીપોરા-ગુરેઝ રોડ, શ્રીનગર-કારગિલ હાઈવે, સિન્થન રોડ, મુઘલ બંધ છે.

# ઈઝરાયેલના તમામ બંધકોને મુક્ત કરવા હમાસને ગંભીર ચેતવણી આપતા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૦૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને અંતિમ ચેતવણી આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હમાસે ગાઝામાં રાખવામાં આવેલા તમામ ઈઝરાયલી બંધકોને પરત કરવા જોઈએ. નહીંતર, તેનું કામ પૂરું થઈ જશે. સુત્રો અનુસાર, આ પહેલા વ્હાઈટ હાઉસે કહ્યું હતું કે ટ્રમ્પે હમાસ સાથે સીધી વાતચીત માટે એક દૂત મોકલ્યો છે. હકીકતમાં,



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે હમાસની કેદમાંથી મુક્ત કરાયેલા ૮ બંધકો સાથે બેઠક યોજી હતી. થોડા સમય પછી, ટ્રમ્પે તેમના સત્ય સોશિયલ પ્લેટફોર્મ પર લખ્યું - "શાલોમ હમાસ, આનો અર્થ હેલો અને ગુડબાય - તમે પસંદ કરી શકો છો. બધા બંધકોને હમણાં જ મુક્ત કરો, પછી નહીં, અને તમે જે લોકોની હત્યા કરી છે તેમના મૃતદેહ તાત્કાલિક પાછા આપો, નહીં તો બધું તમારા માટે સમાપ્ત થઈ જશે. ફક્ત બીમાર અને વિકૃત લોકો જ મૃતદેહો રાખે છે, અને તમે બીમાર અને વિકૃત છો.

# અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો: શરીરમાં ગોળીઓના નિશાન

હૈદરાબાદ,તા.૦૬

તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લાના યુવાન જી પ્રવીણનો મૃતદેહ અમેરિકાના વિસ્કોન્સિન રાજ્યના મિલવૌકી શહેરમાં મળી આવ્યો હતો. પ્રવીણના શરીર પર ગોળીઓના ઘા હતા, પરંતુ તેના મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પ્રવીણના પરિવારે બુધવારે આ દુઃખદ ઘટનાની માહિતી આપી. પ્રવીણ મિલવૌકીમાં માસ્ટર ઓફ સાયન્સ (એમએસ)નો અભ્યાસ કરી રહ્યો હતો. બુધવારે વહેલી સવારે તેણે તેના પિતાને ફોન કર્યો હતો. જોકે, જ્યારે તેનો ફોન આવ્યો ત્યારે તેના પિતા સૂતા હતા અને તેમણે ફોન ઉપાડ્યો નહીં. બાદમાં, ભારતીય સમય મુજબ, યુએસ અધિકારીઓએ પ્રવીણના પરિવારને ઘટના વિશે જાણ કરી. પ્રવીણના સંબંધી અરુણે જણાવ્યું કે કેટલાક મિત્રોએ માહિતી આપી હતી કે પ્રવીણના શરીર પર ગોળીઓના ઘા છે. તેમણે એમ પણ કહ્યું કે કેટલાક લોકોએ કહ્યું કે અજાણ્યા હુમલાખોરોએ એક દુકાનમાં ઘૂસીને પ્રવીણને ગોળી મારી હતી.

# પાક.-અફઘાન વચ્ચે આવેલી તોરખામ બોર્ડર કબજે કરી હોવાનો તાલિબાનનો દાવો

કાબુલ,તા.૦૬

તાલિબાને તોરખામ બોર્ડર પર કબજો કરવાનો દાવો કર્યો છે. તે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે આવેલ એક મહત્વપૂર્ણ બોર્ડર ક્રોસિંગ છે. આ ક્રોસિંગને થોડા અઠવાડિયા પહેલા પાકિસ્તાને બંધ કરી દીધું હતું. ત્યારથી, તાલિબાન અને પાકિસ્તાની સેના વચ્ચે છૂટીછવાઈ અથડામણ ચાલુ હતી, જે સોમવારે વધુ તીવ્ર બની હતી.



તાલિબાને દાવો કર્યો છે કે ભારે ગોળીબાર અને જાનહાનિને કારણે પાકિસ્તાની સેનાએ તોરખામ બોર્ડર પોસ્ટ પરથી ભાગવું પડ્યું છે. એક મીડિયા સંસ્થાને તાલિબાનના ટોચના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે તાજેતરમાં તોરખામમાં પાકિસ્તાનને કારણે તણાવ વધ્યો છે. બે દિવસ પહેલા, ક્રોસિંગ પર પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચે ગોળીબાર થયો હતો, જે અફઘાનિસ્તાન દ્વારા નવી સરહદ ચોકીના નિર્માણના વિવાદને કારણે એક અઠવાડિયાથી વધુ સમય માટે બંધ હતો, એમ તેમણે જણાવ્યું હતું.




# વડોદરામાં વિદ્યાર્થિની પર વિધર્મી વકીલ દ્વારા વારંવાર દુષ્કર્મ આચરાયું

વડોદરા,તા.૦૬

વડોદરામાં એમએસ યુનિવર્સિટીની વિદ્યાર્થિનીને બિનહિન્દુ (વિધર્મી) વકીલ દ્વારા બ્લેકમેઈલ કરીને બળાત્કાર કરવાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. પીડિત વિદ્યાર્થિની ટ્યુશન ક્લાસમાં હાજરી આપવા માટે વિધર્મી વકીલના ઘરે જતી હતી. જ્યાં વિધર્મી વકીલ કાસમ ચૌહાણે વિદ્યાર્થિનીનો ફોટો લીધો અને તેને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું. આ પછી, વિધર્મી કાસમ ચૌહાણ વિદ્યાર્થિનીને વારંવાર ધમકી આપીને ફરવા લઈ જતો હતો અને વિદ્યાર્થિનીને ખેતરમાં અજાણી જગ્યાએ લઈ જતો હતો અને તેના પર બળાત્કાર કરતો હતો. અટલાદરા પોલીસે ૨૮ વર્ષીય એડવોકેટની ધરપકડ કરી કાર્યવાહી કરી છે. વિધર્મી વકીલ કાસમે વિદ્યાર્થિનીને ધમકી આપી હતી કે, 'જો તું મારી સાથે સંબંધ નહીં રાખે તો હું તારો ફોટો વાયરલ કરી દઈશ', આ ધમકીને કારણે વિદ્યાર્થિની ડરી ગઈ. આ તકનો લાભ લઈને, વિધર્મી કાસમે વિદ્યાર્થિની પર એક કે બે વાર નહીં પરંતુ ઘણી વખત બળાત્કાર ગુજાર્યો હતો.



પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રીનો સંકલ્પ

**સૌને અન્ન...સૌને પોષણ...**





માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્ર મોદીના**

વરદ્હસ્તે

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત
ગંગાસ્વરૂપા, વૃદ્ધ, દિવ્યાંગ સહાય યોજના તથા
ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત
૨,૦૦,૦૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજનું

**લાભ વિતરણ**

:: પ્રેરક ઉપસ્થિતિ ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી.આર.પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશક્તિ મંત્રાલય

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય કલ્યાણની વિચારધારાને
કેન્દ્રમાં રાખી સમાજના વંચિત જૂથને સીધો લાભ પહોંચે તે હેતુથી

**સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાન**

ગંગાસ્વરૂપા સહાય યોજના, વૃદ્ધ સહાય યોજના,
દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા તથા અન્ય ગરીબ પરિવારોને

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપવાનો સંકલ્પ**

૭ માર્ચ ૨૦૨૫, શુક્રવાર | બપોરે ૩-૦૦ વાગે | નીલગીરી સર્કલ, લિંબાયત, સુરત



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર